પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૦૯/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

**સુવિચાર**

થોડું વાંચવું, વધુ વિચારવું, થોડું બોલવું, વધુ સાંભળવું, આજ બુધ્ધિમાન બનવાનો ઉપાય છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા સુદ–૧૫ વર્ષ : ૧૫ અંક : ૨૩૪




## અમરેલી જિલ્લામાં ૧૦ દિવસ સુધી ગણેશોત્સવ યોજાયા બાદ

# "અગલે બરસ તુ જલ્દી આ"નાં નાદ સાથે ગણપતિ વિસર્જન

**છેલ્લા ૧૦ દિવસથી જિલ્લાની જનતા ગણપતિમય બની અને ધાર્મિકતાનો જબરો માહોલ ઉભો થયો**

**૧૦ દિવસ સુધી ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ગણપતિ વંદના કરવામાં આવી**

**જિલ્લાનાં તમામ શહેરો અને છેવાડાનાં ગામો સુધી ગણપતિ મહોત્સવ આસ્થાભેર યોજાયો**

**ગણપતિ વિસર્જન વખતે ભકતજનોએ ભારે હૈયે ગણપતિ વિસર્જન કર્યુ**

તસ્વીર : સમીર વિરાણી–બગસરા, ભાવિક કલસરિયા–ખાંભા



અમરેલી, તા. ૧૭
અમરેલીજિલ્લામાંઆસ્થા અને ઉત્સાહભેર ગણપતિ વિસર્જન કાર્યક્રમ યોજાયો હતો. અમુક લાગણીશીલ ગણપતિની આંખોમાં ગણપતિવિસર્જનવેળાઅશ્રુઆવીગયા હતા. "અગલેબસતુજલ્દીઆ"નાંનાદ સાથે ધાર્મિકતાસભર માહોલમાં ગણપતિવિસર્જન કરવામાં આવ્યું હતું.
જિલ્લાનાંતમામશહેરોઅને છેવાડાનાં ગામો સુધી ગણેશોત્સવની ઉજવણી છેલ્લા ૧૦ દિવસથી કરવામાં આવીહતી. ૧૦દિવસદરમિયાનગણેશ પંડાલોમાંધાર્મિકઅનેસાંસ્કૃતિકકાર્યક્રમો યોજાયાહતાઅનેદરરોજમહાઆરતી, અન્નકૂટ, સત્યાનારાયણકથાસહિતનાં કાર્યક્રમોયોજાયાહતા.
આજે અમરેલી, સાવરકુંડલા, રાજુલા, ખાંભા, બગસરા, ધારી, બાબરા, લીલીયાસહિતઠેકઠેકાણે વાજતે ગાજતે ગણપતિ વિસર્જન કરવામાં આવ્યું હતું. જિલ્લામાં છેલ્લા ૧૦ દિવસથી ભકતો ગણપતિ બની ગયાહતા.

**ખાંભા**
**અનુસંધાન પાના ૬ ઉપર**

## અમરેલીનાં જાહેર શૌચાલયની હાલત જુઓ




અમરેલીનાં હાર્દસમા ડો. જીવરાજ મહેતા ચોકમાં પાલિકા કચેરી નીચે આવેલ જાહેર શૌચાલયમાં આવેલ જાહેર શૌચાલયનો દરવાજો છેલ્લા એક અઠવાડીયાથી પડવા વાંકે ઉભો હોય પાલિકાનાં શાસકો આળશ ખંખેરશે ?

### ૩ કિ.મી. દુર વર્કશોપ હોવાથી લાખો રૂપિયાનું ડીઝલ વ્યર્થ થઈ રહ્યું છે

# અમરેલીનાં બસ પોર્ટની સંગાથે એસ.ટી. બસ માટે વર્કશોપનો પણ યુદ્ધનાં ધોરણે પ્રારંભ જરૂરી

**પુછપરછ, સુરક્ષા, હવા ઉજાસ સહિતની સુવિધા કાયમી ધોરણે મળવી જરૂરી**



અમરેલી, તા. ૧૭
અમરેલી એસ.ટી. બસ પોર્ટમાંમુખ્યમંત્રીનાહસ્તેલોકાર્પણમાટે તડામાર તૈયારીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે અને વિશાળ સમિયાણો ગોઠવવામાં આવી રહ્યો છે. બીજી તરફ હાલમાં છેલ્લા ૬ વર્ષથી વર્કશોપ ૩ કિ.મિ. દૂર હોવાના કારણે અત્યાર સુધીમાં રૂા. બે કરોડથી પણ વધારે રકમનાડિઝલનોધૂમાડોકરવામાંઆવ્યો છે. નવાબસપોર્ટમાંવર્કશોપતાત્કાલીક શરૂ થાયતો આ ખર્ચ અટકે તેમ છે.
અમરેલીમાંરૂા. ૪૫કરોડના ખર્ચેનિર્માણપામેલાએસ.ટી.બસપોર્ટનું આગામી તા. ૨૦ના મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણથવાનુંહોવાથીઅત્યારેવિશાળ સમિયાણોગોઠવવામાટેતૈયારીઓચાલી રહી છે. બસપોર્ટની કામગીરી છેલ્લા ૬ વર્ષથી ચાલતી હતી અને તેના કારણે વર્કશોપ બસ સ્ટેશનથી ૩ કિમિ દૂર ડિવિઝન કચેરી ખાતે ખસેડાતા રોજ ૧૦૦જેટલીતમામબસોઆવવાજવાના ૬ કિ.મિ. આવતી જતી હતી. આ કારણે અંદાજીત ૧૦૦ લીટર જેટલા ડિઝલનો વધારાનો ધૂમાડો થતો હતો અને ૬ વર્ષ દરમિયાન આ રીતે રૂા. ૨ કરોડથી પણ વધારે રકમના ડિઝલનો ધૂમાડો કરી દેવામાં આવ્યો છે.
હવે જયારે ૨૦ મીએ નવા બસપોર્ટનું લોકાર્પણ થવાનું છે ત્યારે અમરેલીમાંહંગામીબસસ્ટેશનનાસ્થળે વર્ક શોપ યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવે તો મહિનેલાખોનોખોટોખર્ચબચે તેમછે. કન્ટ્રોલરૂમ૯વાગેબંધથઈજતા આખીરાતઅનેકમુસાફરોરઝળેછે.

### વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતની વાસ્તવિકતા

# સાવરકુંડલાનાં ૩૪ વર્ષિય યુવકે કામધંધો મળતો ન હોવાથી આત્મહત્યા કરી લીધી

**માનસિક તણાવમાં ગળાફાંસો ખાઈ લીધો**

અમરેલી, તા. ૧૭
સાવરકુંડલા ગામે રહેતા અશોકભાઈ જયંતિભાઈ ચીભડીયા નામનાં ૩૪ વર્ષિયયુવકનેથોડાસમયથી કામધંધોમળતોનહોયજેનાકારણેતેઓ માનસિકતણાવમાંરહેતોહોય. જેથી તા. ૧૬ નારોજસાંજે ૭વાગ્યે પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

# જિલ્લામાં રોજગારી, શિક્ષણ ક્ષેત્ર, આરોગ્ય સેવા, ઉદ્યોગોનો અભાવ વધતો હોવાથી

# શાસકો જાગશે નહી તો જિલ્લાની જનતા મહાનગર તરફ ભાગશે

### જિલ્લામાં રાજકીય આગેવાનો કદાવર કક્ષાનાં અને વિકાસકાર્ય વામણું સાબિત રહ્યું છે

### જિલ્લાનાં મુખ્ય મથકમાં આવેલ જીઆઈડીસીનાં ઉદ્યોગો પણ અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે

### સાવરકુંડલા, રાજુલા, બાબરા, ધારી, બગસરા કે વડિયા જેવા તાલુકા મથકો પણ સુમસામ બનવા તરફ જઈ રહ્યા છે

### છેલ્લા ૩૦ વર્ષમાં શાસન ચલાવનારનો આર્થિક વિકાસ રોકેટ ગતિએ થયો અને જિલ્લાની જનતા સ્થળાંતર કરવા મજબુર

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લાનાં રાજકીય આગેવાનો હવે જિલ્લાનાં વિકાસ માટે સક્રીય બની જાગશે નહી તો જિલ્લાની જનતા રોજગારી, શિક્ષણ, આરોગ્ય વગર મહાનગરો તરફ જાગશે તેવું લાગી રહ્યું છે.

અમરેલી જિલ્લો એ ગુજરાતનાં પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાની જન્મભૂમિ છે અને તેઓએ તેમનાં મુખ્યમંત્રીનાં ૨ થી ૩ વર્ષનાં કાર્યકાળમાં જે વિકાસ કાર્યો જેમાં કોલેજ, સિવિલ હોસ્પિટલ, ખોડિયાર જળાશય જેવા દરેક ક્ષેત્રમાં તેઓએ અદભૂત કાર્ય કર્યા બાદ તેઓની વિદાય બાદ જિલ્લાનાં વિકાસની ગતિ ધીમી પડી છે.

અમરેલી જિલ્લામાં આજે ઉચ્ચ શિક્ષણ, શ્રેષ્ઠ આરોગ્ય સેવા, ઉદ્યોગો, ફોરલેન માર્ગ, બ્રોડગેજ રેલ્વેનો અભાવ જોવા મળી રહ્યો છે. અમરેલીમાં આવેલ જીઆઈડીસીનાં ઉદ્યોગો આજે માર્ગો, સુરક્ષા, માર્કેટનાં અભાવે ઝઝુમી રહ્યા છે તો સાવરકુંડલા, રાજુલા, ધારી, બગસરા, બાબરા, લાઠી, વડિયા જેવા તાલુકા મથકોમાં પણ જીઆઈડીસી ઉભી કરવામાં આવતી નથી.

જિલ્લાનું અર્થતંત્ર માત્ર ખેતી આધારિત ચાલી રહ્યું છે એક સમયે હજારો પરિવારનું ગુજરાન ચલાવતો હીરા ઉદ્યોગ મરણ પથારીએ પડેલ છે. પશુપાલન અને ખેતી ઉપર આધારિત જિલ્લાની જનતાને યોગ્ય રોજગારી મળતી ન હોવાથી જિલ્લાનાં હજારો યુવાનો અને સેંકડો પરિવાર મહાનગરો તરફ સ્થળાંતર કરી રહ્યા છે.

અમરેલી જિલ્લામાં કદાવર નેતાઓની સંખ્યા સારી એવી જોવા મળે છે પરંતુ વિકાસકાર્યો વામણી ગતિએ ચાલી રહ્યા છે. જિલ્લાનાં દરિયાકાંઠે આવેલ રાજુલા–જાફરાબાદ પંથકમાં વિકાસની વિશાળ તકો જોવા મળી રહી છે. દરિયાકાંઠાનો પુરતો લાભ જિલ્લાની જનતાને મળી શકતો નથી. પિપાવાવથી સુરતનાં હજીરા સુધી રો–રો ફેરી સર્વિસ શરૂ કરવાની જરૂર છે તો મીઠાનાં અગરીયા, માચ્છીમાર ઉદ્યોગ પણ પ્રોત્સાહનનાં અભાવે તરફડીયા મારી રહ્યો છે. તો સાવરકુંડલાનો કાંટા ઉદ્યોગ, બગસરાનાં આરી ભરત, ઈમીટેશન ઉદ્યોગ પણ વિકસી શકે તેમ છે. ધારી–ખાંભા–લીલીયા પંથકમાં પ્રવાસન તો લાઠી, બાબરામાં કપાસને લગત ઉદ્યોગ વિકસી શકે તેમ છે અને જિલ્લાભરમાં હીરા ઉદ્યોગ પણ સારી રીતે વિકસી શકે તેમ છે.

અમરેલી જિલ્લાનાં અનેક ધારાસભ્યો અને સાંસદો તેમજ સ્થાનિક સ્વરાજયનાં પ્રતિનિધિઓ રોડપતિમાંથી કરોડપતિ બની ગયા પરંતુ જિલ્લાનો સર્વાંગી વિકાસ થઈ શકયો નથી તે હકીકત છે.

જિલ્લાનાં તમામ રાજકીય પક્ષો, વેપારી સંગઠનો, ઉદ્યોગ સંચાલકો, સામાજિક સંગઠનો વિગેરે એક થઈને જિલ્લાનાં સર્વાંગી વિકાસ માટે રણનીતિ તૈયાર કરીને રાજય અને કેન્દ્ર સરકાર પાસે ૫ હજાર કરોડનાં આર્થિક પેકેજની માંગ કરે, સરકારી પડતર જમીન રાહતદરે મળે, ટેક્ષ ફ્રી ઝોન જાહેર થાય, જીઆઈડીસીની હારમાળા ઉભી કરવામાં આવી, પાણી, વીજળી, પરિવહનની સુવિધા વધારવામાં નહી આવે તો જિલ્લાની જનતા વધુને વધુ પ્રમાણમાં સ્થળાંતર કરશે તેવું લાગી રહ્યું છે.

### એક બેઠક બિનહરીફ થતાં

## બાબરા : નાગરિક બેન્કની ચુંટણીમાં ખેડૂત બેઠકનાં ઉમેદવાર હરેશ આખજા વિજેતા

### સ્થાનિક ભાજપ અગ્રણીઓ દ્વારા અભિનંદન વર્ષા

બાબરા, તા.૧૭

બાબરામાં નાગરિક બેન્કની સામાન્ય ચૂંટણી જાહેર થઈ જતા મોટી સંખ્યામાં ઉમેદવાર ફોર્મ ઉપડયા હતા અને આગામી તા.૧૯ ના રોજ ઉમેદવારપત્ર ખેંચવાની અંતિમ તારીખ બાદ વધુ ચિત્ર કલીયર થશે.

નાગરિક બેન્કની કુલ ૧૩ બેઠકોમાં ૧૧ સામન્ય અને એક બેઠક અનુસૂચિત અને એક બેઠક નાના સીમાંત ખેડૂત મળી કુલ ૧૩ બેઠક છે જેમાં નાનાં અને સીમાંત બેઠકમાં બાબરા શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા સહિતના અન્ય સાત આઠ વ્યક્તિ દ્વારા ફોર્મ ઉપાડયા હતા પણ અંતે અન્ય ઉમેદવાર દ્વાર ફોર્મ રજૂ નહિ કરવામાં આવતા આ બેઠક પરના ઉમેદવાર હરેશભાઈ આખજાને ચૂંટણી અધિકારી દ્વારા બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા. બાબરા શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશ આખજા નાગરિક બેંકના નાના સીમાંત ખેડૂત બેઠકના ડિરેકટર તરીકે બિનહરીફ જાહેર થતા શહેર અને તાલુકાના ભાજપ અગ્રણીઓ કાર્યકર્તાઓ તેમજ સહકારી અગ્રણીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી.



### બહારપરા યુવક મંડળ દ્વારા

## અમરેલીનાં વણકરવાસની ખુલ્લી જમીન સમાજવાડી માટે ફાળવવા માંગ

### ચીફ ઓફિસરને પત્ર પાઠવવામાં આવ્યો

અમરેલી, તા. ૧૭

અમરેલીનાં બહારપરા યુવક મંડળ દ્વારા ચીફ ઓફિસરને આવેદનપત્ર પત્ર પાઠવવામાં આવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે અમરેલી નગરપાલિકાની હદમાં આવેલી બહારપરા, વણકરવાસ, સરમાળીયા ચોકમાં આશરે ૯૦×૧૧૦ ફુટની જગ્યા સમાજની વાડી માટે જોઈએ છીએ. તો આ જગ્યા અત્યારે કઈ પોઝીશન પર તેમજ રેકર્ડ પર શું હાલતમાં છે તે બાબતે યોગ્ય તપાસણી કરી નગરપાલિકાના સભ્યોને ઠરાવ કરી આ જમીન સમાજની વાડી માટે ફાળવવા માટે આજરોજ બહારપરા યુવક મંડળ દ્વારા માંગણી કરવામાં આવેલ છે.



## લીલીયામોટા ખાતે જશ્ને ઈદે મિલાદુંનબીની ઉજવણી કરાઈ



લીલીયામોટા, તા. ૧૭

લીલીયામોટા ખાતે હજરત મોહમ્મદ પયગંબર સાહેબના જન્મ દિવસ ના પાવન અવસર એ સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા જશ્ને ઈદે મિલાદુન નબીની ઉજવણી આસ્થા અને ઉમંગભેર કરવામાં આવેલ જેમાં ઈદની ઉજવણીના ભાગરૂપે લીલીયા શહેરની મેઈન બજારને અદભુત લાઈટ ડેકોરેશન થી શણગારવામાં આવેલ હોય ત્યારે ઈદ એ મિલાદુંન નબીના પર્વનિમિત્તે વહેલી સવારે જુમ્મા મસ્જિદથી ભવ્ય જુલૂસ શહેરની મુખ્ય બજારોમાં કાઢવામાં આવેલ અને ઠેરઠેર ચા પાણી, નાસ્તા અને બાળકો માટે ચોકલેટ તેમજ કેકની વ્યવસ્થા કરવામાં આવેલ જુલુસ સમગ્ર લીલીયા શહેરની મુખ્ય બજારોમાં શાનો શોકત થી નીકળેલ હોય ત્યારે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેવા શુભ હેતુથી લીલીયા પી.એસ.આઈ. એસ.આર.ગોહિલની સૂચના મુજબ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેલ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે જુલુસ સમગ્ર શહેરના રાજમાર્ગોમાં ફરી અને લીલીયા જુમ્મા મસ્જિદ ખાતે આવી ત્યાં દઢદો સલામ કરી અને સુન્ની મુસ્લિમ જમાત દ્વારા આયોજિત ન્યાજના પ્રોગ્રામમાં હાજરી તમામ મુસ્લિમ બિરાદરો દ્વારા આપવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## અમરેલીમાં જિલ્લા કક્ષા બાળ પ્રતિભા શોધ અને જિલ્લા કક્ષા યુવા ઉત્સવ સ્પર્ધાનું આયોજન

### તા. ૨૧ તથા ૨૨ સપ્ટેમ્બરના રોજ દીપક હાઇસ્કુલ ખાતે સ્પર્ધાઓ યોજાશે

અમરેલી, તા.૧૭

અમરેલીના ચિતલ રોડ પર આવેલી દીપક હાઈસ્કુલ ખાતે તા.૨૧ સપ્ટેમ્બર,૨૦૨૪ના રોજ જિલ્લા કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા તથા તા.૨૨ સપ્ટેમ્બરના રોજ યુવા સ્પર્ધા ઉત્સવ સ્પર્ધા ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું છે.

રાજયના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગરના ઉપક્રમે તથા દીપક હાઈસ્કૂલના સહયોગથી આયોજિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, અમરેલી દ્વારા સંચાલિત આ સ્પર્ધાઓ યોજાશે. ઉકત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને નોંધ લેવા અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારીએ યાદીમાં જણાવ્યું છે.

### યાત્રિયોની સુવિધા અર્થે

## આનંદો : કુંકાવાવ રેલ્વે સ્ટેશન પર ટિકિટ રીઝર્વેશનની સુવિધા શરૂ

### દરરોજ નિયત સમયે રીઝર્વેશન કરાવી શકાશે

અમરેલી, તા.૧૭

યાત્રિકોની સુવિધા માટે પશ્ચિમ રેલ્વે ભાવનગર ડિવિઝનનાં કુંકાવાવ સ્ટેશન પર ૧૮/૯/૨૦૨૪ (બુધવાર) થી રેલ ટિકિટ આરક્ષણ સુવિધા કેન્દ્ર શરૂ કરવામાં આવશે. આ આરક્ષણ કેન્દ્ર સોમવારથી શનિવાર સુધી પ્રથમ શિફટમાં સવારે ૮ કલાક થી ૧૧:૩૦ કલાક સુધી અને બીજી શિફટમાં ૧૮ કલાકથી ૧૮:૩૦ કલાક સુધી ખુલ્લું રહેશે. રવિવારે રિઝર્વેશન સેન્ટર સવારે ૮ થી ૧૧:૩૦ વાગ્યા સુધી જ ખુલ્લું રહેશે. ડિવિઝનલ રેલ્વે મેનેજર રવીશ કુમારે મુસાફરોને ઉપરોકત રિઝર્વેશન સેન્ટરનો મહતમ લાભ લેવા માશૂક અહમદ વરિષ્ઠ મંડલ વાણિજય પ્રબંધક, પશ્ચિમ રેલ્વે, ભાવનગર મંડલે અનુરોધ કર્યો છે.

## અમરેલી એકસપ્રેસનું બાલ એકસપ્રેસ પહોંચ્યું ગીર સોમનાથ જીલ્લામાં





અમરેલી, તા. ૧૭

અમરેલી જીલ્લાનું ખ્યાતનામ, નિડર, બહોળી પ્રસિધ્ધ ધરાવતું વર્તમાનપત્ર છે. દર શનિવારની બાલ એકસપ્રેસ પૂર્તિના સંપાદક રવજીભાઈ કાચા તેમના સાથીદાર મીત્રો વાસુદેવભાઈ સોઢા, ઉદયભાઈ દેસાઈ, ડો. સુતરીયા સાથે ગીર સોમનાથના દ્રોણેશ્વર ગુરૂકુળ તથા અન્ય ત્રણ સરકારી પ્રાથમિક શાળામાં બાળવાર્તા કહેવા માટે ગયેલ. તા. ૧૦/૯/૨૪નાં રોજ દ્રોણેશ્વર ગુરૂકુળમાં સવારે સભાગૃહમાં સુંદર કાર્યક્રમ પૂ. કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસની નિશ્રામાં કાર્યક્રમ યોજાયેલ. પૂ. સ્વામીજીએ ચારેય વાર્તાકારોનું ફુલહારથી સ્વાગત અને સન્માન કરેલ. રવજીભાઈ કાચાના પ્રાસંગિક પ્રવચન અને બાળવાર્તા બાદ વાસુદેવ સોઢાએ બાળભોગ્ય કરી બાળકોને ખુશ કરી દીધા હતાં. ગુરૂકુળનાં આચાર્ય મહેશભાઈ જોષી તથા નિયામક, ધાનાણીને અમરેલી એકસપ્રેસ તથા બાલ એકસપ્રેસ બાળકો માટે અર્પણ કરેલ. ત્યારબાદ સરકારી પ્રા.શાળા ફરેડામાં ગયાં, ત્યાં ઉદયભાઈ દેસાઈએ પ્રાસંગિક વાત કરેલી. ડો. સુતરિયા સાહેબે અંગ્રેજી કાવ્ય સાથે રમત રમવી ને છેલ્લે વાસુદેવભાઈ સોઢાએ બાળવાર્તા કરી વાતાવરણમાં તાજગી ભરી આવેલ. અંતમાં રવજીભાઈ કાચાએ આચાર્યને અમરેલી એકસપ્રેસ અર્પણ કરેલ. જરગલી પ્રા.શાળામાં ગયાં, ત્યાં પણ વાસુદેવભાઈ સોઢાએ વાર્તાઓ સંભળાવી તથા રવજીભાઈ કાચાએ અમરેલી એકસપ્રેસ બાળકોને બતાવી અપર્ણ કરેલ. છેલ્લે અમારા માર્ગદર્શનને ભોમિયા ઉદરી પ્રા.શાળાના આચાર્ય હસમુખભાઈ ટાંકની શાળામાં ગયાં સમય ઓછો હોવાથી માત્ર વાર્તાઓ કહી બાળકોને બાલ એકસપ્રેસ અર્પણ કરી અમારો પ્રવાસ પૂર્ણ કરેલ. હસમુખભાઈ ટાંકના ઘેર બપોરનો પસાદ લીધેલ. વાસુવેદ સોઢાએ સાથે આ રીતે ગદ્ય સાહિત્ય, બાળવાર્તાનાં પ્રચાર પ્રસાર માટે અવારનવાર જવાનું બનતું હોય છે. જેનો અમને આનંદ છે. ગીર સોમનાથ જીલ્લાની સારી શાળાઓમાં જવાનું થયું એ અમારૂ સદભાગ્ય છે. એમ સંપાદક રવજીભાઈ કાચાની યાદીમાં જણાવેલ છે.

# લીલીયામોટા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો









લીલીયામોટાની પે સેન્ટર કન્યા શાળા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમ મામલતદાર જયરામભાઈ દેસાઈ, ટી.ડી.ઓ. તુષાર રાદડિયા, કાનજીભાઈ નાકરાણી, તાલુકા હેલ્થ ઓફિસર સિધ્ધપુરા, સીડીપીઓ મીનાક્ષીબેન રાઠોડ, ભનુભાઈ ડાભી, ભીખાભાઈ ધોરાજીયા, કેપ્ટન ધામત, લીલીયા સરપંચ જીવનભાઈ વોરા દ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. આ કાર્યક્રમમાં આધાર નોંધણી, સુધારા, રાશનકાર્ડમાં નામ દાખલ–કમી કરવું, સુધારો કરવો, જાતી પ્રમાણપત્ર, કુંવરબાઈનું મામેરૂં તેમજ લીલીયા પોલીસ દીપકભાઈ ગોહિલ, અસ્મિતાબેન ચુડાસમા દ્વારા સાઈબર ક્રાઈમ જાગૃતતા અને ટ્રાફિકને લગત માહિતીઓ અપાઈ. રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને સેવાઓનો લાભ નાગરિકોને સતત મળે, વહીવટી પારદર્શિતામાં ઉમેરો થાય અને નાગરિકોને તેમના વસવાટ–રહેઠાણ નજીકના વિસ્તારમાં સેવાઓનો લાભ પ્રાપ્ત થાય તેવા ઉદ્દેશ્ય સાથે રાજય સરકાર દ્વારા સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. રાજય સરકારની વિવિધ સેવાઓનો લાભ નાગરિકોને ઘર આંગણે જ મળી રહે તે માટે સેવા સેતુના કાર્યક્રમનું આયોજન રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ. આ સેવા સેતુ કાર્યક્રમમાં લીલીયા, ગોઢાવદર, પુંજાપાદર, સલડી, પુતળીયા, આંબા, કણકોટ મોટા, જાત્રોડા, અંટાળીયા, બોડીયા, ભેંસાણ, પીપળવા, સનાળીયા, ભેંસવડી, વાઘણીયા ગામના નાગરિકોએ આ સેવા સેતુ કાર્યક્રમનો લાભ લીધેલ. આ કાર્યક્રમમાં વન વિભાગ, પીજીવીસીએલ વિભાગ, હેલ્થ વિભાગ, આંગણવાડી વર્કરો, આશા વર્કર બહેનો સહિત તાલુકા પંચાયત, મામલતદાર કચેરી તેમજ વિવિધ કચેરીઓના કર્મચારીઓ ઉપસ્થિત રહેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## જિલ્લાનાં બિસ્માર માર્ગો, ગંદકી સહિતની અગણિત સમસ્યાઓનાં નિકાલ અર્થે


# અમરેલી જિલ્લામાં 'સીએમ અને પીએમ'એ દર વર્ષે પધારવું જોઈએ

આગામી શુક્રવારે મુખ્યમંત્રી પધારવાનાં હોવાથી સફાઈ, માર્ગોની મરામત સહિતની કામગીરી યુધ્ધનાં ધોરણે થઈ રહી છે

એક સીએમ (ચીફ મિનિસ્ટર) માટે તંત્ર દોડે અને અન્ય સીએમ (કોમનમેન) માટે તંત્ર પાસે ટાઈમ નથી

જે સીએમ (કોમનમેન), અન્ય સીએમ (ચીફ મિનિસ્ટર) બનાવે તે સીએમ (કોમનમેન) માટે દે ધનાધન

લોકશાહી શાસન વ્યવસ્થામાં સીએમ (કોમનમેન) મહત્વનાં વ્યકિત હોય છે એ ભુલી જવાયું





અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં સીએમ અને પીએમએ દર વર્ષે પધારવું જોઈએ. કારણ કે તેઓનાં આગમન હોય તો જ પાલિકા, પંચાયત, માર્ગ–મકાન, પીજીવીસીએલ સહિતનાં સરકારી વિભાગો આળશ મરડીને બેઠા થતાં હોય અને બિસ્માર માર્ગો, ગંદકી, બંધ સ્ટ્રીટલાઈટ સહિતની સમસ્યાઓનું નિરાકરણ થાય નહી તો જનતા જનાર્દનની કોઈને ચિંતા હોય તેવું જોવા મળતું નથી.

અમરેલીમાં આગામી શુક્રવારે મુખ્યમંત્રી પધારવાનાં હોવાથી જિલ્લાનાં માર્ગોની મરામત શરૂ થઈ છે. તો સફાઈ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. એટલે જિલ્લાની જનતા કહે છે કે મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી અમરેલી જિલ્લામાં દર વર્ષે પધારે તો તેનું આગતા–સ્વાગતા કરીશું અને ભાવતા ભોજન પિરસીશું, તેમને હથેળીમાં સાચવીશું. કારણ કે તો જ જિલ્લાને ૩૬૫ દિવસ પિડા આપતા પ્રશ્નોનું નિરાકરણ થવાનું હોય છે.

લોકશાહી શાસન વ્યવસ્થામાં પદાધિકારીઓ અને અધિકારીઓ જનતાનાં સેવક બનતાં હોય છે પરંતુ અમરેલીથી લઈને સમગ્ર દેશમાં જનતા આજે પદાધિકારી અને અધિકારીની સેવક હોય તેવી દુ:ખદાયક સ્થિતિ જોવા મળી રહી છે.

### પોલીસ અધિક્ષકની સુચનાથી કામગીરી કરાઈ

## અમરેલી કમાંડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ)ની મદદથી ચોરી થયેલ બાઈલ બિનવારસી હાલતમાં મળી આવ્યું

સી.સી.ટી.વી. કેમેરા રાઉન્ડ ધ કલોક સર્વેલન્સની કામગીરી કરે છે

અમરેલી, તા.૧૭

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના મુજબ તથા નાયબ પોલીસ અધિક્ષક એ. જી.ગોહીલ તથા ઈન્ચાર્જ પી.એસ.આઈ. 'નેત્રમ' કમાન્ડ કંટ્રોલ સેન્ટર એચ.એલ.પાથરના માર્ગદર્શન મુજબ કમાન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) અમરેલી ખાતે સીસીટીવી કેમેરાઓની મદદથી ૨૪×૭ કલાક સર્વેલન્સની કામગીરી કરવામાં આવી રહેલ છે. ગત તા.૧૬/૯/૨૪ના રોજ અમરેલી શહેરના જાગૃત નાગરીક જગદીશભાઈ કાનજીભાઈ ગોહીલની જાગૃતાને કારણે પોતાના રહેણાંક વિસ્તારમાં બાવળની કાટમાંથી એક મોટર સાયકલ નંબર જીજે–૦૧–ડીએમ–૧૪૩૦ ની




બિનવારસી હાલતમાં મળી આવેલ હોય, સદરહું મોટર સાયકલ બાબતે અત્રે કમાન્ડ કંટ્રોલ સેન્ટરનો સંપર્ક કરતા ઉપરોકત મોટર સાયકલ આઈટીએમએસ ચલણમાં મોટર સાયકલની ડીટેઈલ ચેક કરતા મહેશભાઈ રણછોડભાઈ ચાવડા (રહે. અમરેલી ચક્કરગઢ)ની હોય, જેથી વાહન માલીકનો સંપર્ક કરતા વાહન માલીકે જણાવેલ કે, સદરહું મોટર સાયકલ તા.૨૨/૮/૨૪ ના રોજ મોટા બસ સ્ટેશનમાંથી રાત્રીના સમયે ચોરી થયેલ હતી, બાદ તા.૨૨/૮/૨૪ ના મોટા બસ સ્ટેશનના સી.સી.ટી.વી. ફુટેજ ચેક કરતા કોઈ ફળદાયક હકીકત મળેલ ન હોય જેથી વાહનના માલિક ખરાઈ કરી વાહન માલિકને તેમનું મોટર સાયકલ નંબર જીજે–૦૧–ડીએમ–૧૪૩૦નું વાહન સહીસલામત સોંપી આપેલ છે.

આમ નેત્રમ 'કમાન્ડ કંટ્રોલ સેન્ટર અમરેલી પોલીસ સ્ટાફ દ્વારા અસરકારક કામગીરી કરી વાહન માલિકની ખરાઈ કરી વાહન કમાન્ડ કંટ્રોલના સીસીટીવી કેમેરાની મદદથી પરત કરેલ છે.

## ધારી તાલુકાના લાખાપાદર ગામે ત્રિવિધ કાર્યક્રમ યોજાયા : ધારાસભ્ય કાકડિયા સહભાગી બન્યા



અમરેલી, તા.૧૭

ધારી તાલુકાના લાખાપાદર ગામે ધારાસભ્ય જે.વી. કાકડીયાની પ્રેરક ઉપસ્થિતિમાં ત્રિવિધ કાર્યક્રમો યોજાયા હતા. લાખાપાદર ગામે આયોજિત સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી આસપાસના ગામના લોકોએ રાજય સરકારની વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ મેળવ્યો હતો. સેવા સેતુ કાર્યક્રમની સાથે સ્વચ્છતા હી સેવા ઝુંબેશ અંતર્ગત બગસરા, ધારીના ધારાસભ્ય સહિતના મહાનુભાવો અને ગ્રામજનોએ સાફ સફાઈ કરીને શ્રમદાન કર્યુ હતું. એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ તકે પ્રાંત અધિકારી ઉપરાંત પદાધિકારીઓ અધિકારીઓ, કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સાવરકુંડલા નજીક આવેલ

## આંકોલડામાંથી વરલી મટકાનો જુગાર ઝડપાયો

પોલીસે કાર્યવાહી શરૂ કરી

અમરેલી, તા. ૧૭

સાવરકુંડલા તાલુકાના આંકોલડા ગામે રહેતા બાબુભાઈ કેશવભાઈ સુરેલા નામના આરોપીએ આંકોલડા ગામે પોતાના મોબાઈલ ફોનના વોટ્સએપ મેસેન્જરમાં વરલી મટકાના જુગારના આંકડાઓ લેતા મોબાઈલ ફોન નંગ–૧ કિંમત રૂપિયા ૧૦,૦૦૦ તથા રોકડા રૂપિયા ૪૮૭૦ તથા વરલી મટકાના જુગારના આંકડાઓ તથા હિસાબ લખેલ ડાયરી મળી કુલ કિંમત રૂા. ૧૪,૮૭૦ના મુદામાલ સાથે મળી આવી તેમજ વંડા ગામે રહેતા મુનાભાઈ ભોથાભાઈ ચત્રભુજ નામનાં આરોપી પાસે વરલી મટકાના જુગારના આંકડાઓ લખાવી તેમજ આ વરલી મટકાનો હિસાબ કપાણ મળી આવેલ સામે પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## બગસરાનાં નટવરનગરમાં રત્ન કલાકાર ઉપર છરી વડે હુમલો

અમરેલી, તા. ૧૭

બગસરાના નટવરનગર વિસ્તારમાં રહેતા મયુરભાઈ મુકેશભાઈ કટેશીયા નામનાં ૨૭ વર્ષિય રત્નકલાકાર તા. ૧૬ના રોજ ૧૨ વાગ્યે હીરા ઘસવાના કારખાને બપોરની રીસેસ પડેલ હોય જેથી મોટર સાયકલ લઈને જતા હતા. તે દરમ્યાન નટવરનગરના ગેઈટ પાસે તેજ વિસ્તારમાં રહેતા આરોપી સુમન બાવાજી પણ ત્યાં પોતાનું મોટર સાયકલ લઈને ઉભેલ હોય. આરોપીએ યુવકને ગાડી ઉભી રાખવાનું કહેતા યુવકે ગાડી ધીમી પાડેલ ત્યારે આરોપીએ યુવકનો કાઠલો પકડી નીચે ખેંચી લઈ ગાળો આપી યુવકે ગાળો દેવાની ના પાડતા આરોપીએ એકદમ ઉશ્કેરાઈ જઈ ઢીકાપાટા વડે માર મારી આરોપીએ પોતાના નેફામાંથી છરી કાઢી ડાબા પગના સાંથળના પાછળના ભાગે બે ઘા મારી ઈજા કરતા રાડારાડ કરવા લાગતા આરોપી પોતાનું મોટર સાયકલ લઈને ભાગી ગયેલ હતો.

### અગાઉ સામસામી ફરિયાદને લઈને બઘડાટી

## રાજુલાનાં ચાંચ ગામે બે ઈસમોએ પતિ અને પત્ની ઉપર કર્યો હુમલો

સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧૭

રાજુલા તાલુકાના ચાંચ ગામે રહેતા આરોપી પીવો ઉર્ફે પરશોતમભાઈ શામજીભાઈ ધુંધળવા તથા તેજ ગામે રહેતા સવીબેન મેપાભાઈ ચૌહાણ નામની મહિલાને અગાઉ સામ સામે પોલીસ ફરિયાદ થયેલ હોય. જેનુ મન દુ:ખ રાખી તા. ૧૬ના રોજ આરોપીએ કહેલ કે ભલે જેલમાં જવુ પડે તમને મારવા છે. તેમ કહી લાકડી વડે મહિલાના પતિ મેપાભાઈ સવાભાઈ ચૌહાણને જેમ ફાવે તેમ મુંઢ માર મારતા મહિલા વચ્ચે પડતા આરોપી લાલાભાઈ શામજીભાઈ ધુંધળવાએ પાવડો લઈ મહિલાને મારવા જતા જમણો હાથ આડો કરી ડાબા હાથે ધક્કો મારવા જતા આરોપીએ મહિલાના ડાબા હાથની વચ્ચેની મોટી આંગળીએ નખથી ઉપરના ભાગે કરડી જઈ કાપી નાખી હતી. બાદ આરોપી કિશનભાઈ ભાનુભાઈ ધુંધળવા તથા સુખદેવભાઈ ભલાભાઈ ચૌહાણે લાકડી તથા લોખંડનાં પાઈપ વડે મહિલા તથા તેણીના પતિને જેમ ફાવે તેમ ગાળો આપી શરીરે આડેધડ માર મારી મુંઢ ઈજા કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



હોન્ડા સાથે તહેવારોનો ઉત્સવ
HONDA
માત્ર ₹૯૯૯/- ભરીને લઇ જાઓ આપનું મનપસંદ Shine 100
80+ AVERAGE
દમદાર માઇલેજ | શાનદાર સ્ટાઇલ
મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ફ્રી હેલ્મેટ
₹64900
ઓછો વ્યાજદર 9.50%
મહત્તમ લોન 95%





ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨



બાબરામાં મકાન વેચવાનું છે
બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે
૮૦ વાર જગ્યામાં (ડુપ્લેક્સ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ
રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં - બાબરા
સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦



પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



ગણેશ મહોત્સવ નિમિત્તે...
ડ્રાયફ્રુટથી ભરપુર શુધ્ધ ઘી માં બનેલ ચુરમાના સ્પે.લાડુ
મગજના લાડુ
મગીયા લાડુ
શહેરનું એકમાત્ર સ્થળ...
શિવ ફરસાણ માર્ટ ભીડભંજન ચોક અમરેલી
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨






Navnit
MARUTI SUZUKI CELERIO
મારુતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો





મારુતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999



॥ વંદે માતરમ્ ॥
YAMAHA જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi





SHANDAAR DUMDAAR MILEDAAR
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

### અરવિંદ કેજરીવાલે દિલ્હીના મુખ્યમંત્રી પદેથી આપ્યું રાજીનામું

# દિલ્હી સરકારમાં મંત્રી રહી ચૂકેલા આતિશી મુખ્યમંત્રીનું પદ સંભાળશે

**સીએમ કેજરીવાલે પોતાનું રાજીનામું લેફ્ટનન્ટ ગવર્નરને સોંપી દીધું અમે લેફ્ટનન્ટ ગવર્નરને પાર્ટીના નિર્ણય વિશે જણાવી દીધું છે કે આતિશીએ સરકાર બનાવવાનો દાવો કર્યો છે**

નવી દિલ્હી,તા.૧૭

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. હવે દિલ્હી સરકારમાં મંત્રી રહી ચૂકેલા આતિશી મુખ્યમંત્રીનું પદ સંભાળશે. સીએમ કેજરીવાલના રાજીનામા બાદ ગોપાલ રાયે કહ્યું કે સીએમ કેજરીવાલે પોતાનું રાજીનામું લેફ્ટનન્ટ ગવર્નરને સોંપી દીધું છે. અમે લેફ્ટનન્ટ ગવર્નરને પાર્ટીના નિર્ણય વિશે જણાવી દીધું છે કે આતિશીએ સરકાર બનાવવાનો દાવો કર્યો છે. એલજી પાસેથી માંગણી કરી કે વહેલી તકે શપથ યોજવામાં આવે.

અરવિંદ કેજરીવાલના રાજીનામા પછી આતિશીએ સરકાર બનાવવાનો દાવો કર્યો અને લેફ્ટનન્ટ ગવર્નરને ધારાસભ્યોના સમર્થનનો પત્ર સુપરત કર્યો. આ દરમિયાન સમગ્ર કેબિનેટ લેફ્ટનન્ટ ગવર્નર સચિવાલયમાં હાજર હતું.મુખ્યમંત્રીના રાજીનામાની સાથે સમગ્ર મંત્રીમંડળે પણ રાજીનામું આપી દીધું હતું. આ પછી લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા આપવામાં આવેલા સમયે નવી સરકારને શપથ ગ્રહણ કરવામાં આવશે. ત્યારબાદ નવા મુખ્યમંત્રી નવા મંત્રીમંડળની પસંદગી કરશે.દિલ્હીના નવા સીએમ આતિશીએ કહ્યું કે કેન્દ્ર સરકારની તપાસ એજન્સી દ્વારા અરવિંદ કેજરીવાલ પર ખોટા આરોપો લગાવવામાં આવ્યા છે. તમામ કેન્દ્રીય એજન્સીઓને તેમની પાછળ છોડી દેવામાં આવી હતી. છ મહિના જેલમાં રાખ્યા. સર્વોચ્ચ અદાલતે નિર્દોષ જાહેર કર્યા. કેન્દ્ર સરકારની એજન્સી પર તીખી ટિપ્પણી કરી. કેન્દ્ર સરકારની એજન્સીને પાંજરામાં બંધ પોપટ કહ્યા. અરવિંદ કેજરીવાલે જે નિર્ણય લીધો તે વિશ્વના ઈતિહાસમાં ભાગ્યે જ કોઈએ લીધો હશે. તેમણે કહ્યું કે મને દિલ્હીની જનતાનો નિર્ણય જોઈએ છે. તેઓ દિલ્હીની જનતાની અદાલતમાં જશે. આ અંતર્ગત તેમણે રાજીનામું આપી દીધું છે. દિલ્હીના લોકો માટે આ દુઃખની ક્ષણ છે. તેમના રાજીનામાથી સમગ્ર દિલ્હીના લોકો દુખી છે. દિલ્હીની જનતા અરવિંદ કેજરીવાલને ફરીથી સીએમ બનાવવા માટે તૈયાર છે. અગાઉ, આમ આદમી પાર્ટી (AAP)ની રાજકીય બાબતોની સમિતિ (PAC)ના નેતાઓએ દિલ્હીના આગામી મુખ્યમંત્રી તરીકે આતિશીનું નામ સૂચવ્યું હતું. સોમવારે (૧૬ સપ્ટેમ્બર) PACની બેઠક યોજાઈ હતી.

### લોકસભા ચૂંટણી માટેના તેના ઢંઢેરામાં આપેલા મુખ્ય વચનોમાંનું એક છે

# એનડીએ સરકાર તેના વર્તમાન કાર્યકાળ દરમિયાન એક રાષ્ટ્ર, એક ચૂંટણી લાગુ કરશે

**સમિતિએ લોકસભા અને વિધાનસભાની ચૂંટણીના ૧૦૦ દિવસની અંદર સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજવાની પણ ભલામણ કરી હતી**

નવી દિલ્હી,તા.૧૭

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે મંગળવારે કહ્યું કે ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકાર તેના વર્તમાન કાર્યકાળ દરમિયાન 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' લાગુ કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળના ૧૦૦ દિવસ પૂરા થવાના અવસરે એક પત્રકાર પરિષદને સંબોધતા ગૃહમંત્રીએ કહ્યું કે અમે આ સરકારના કાર્યકાળ દરમિયાન 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ની વ્યવસ્થા લાગુ કરવાની યોજના બનાવીએ છીએ.પ્રેસ કોન્ફરન્સમાં અમિત શાહની સાથે માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ પણ હાજર હતા. ગયા મહિને, સ્વતંત્રતા દિવસના અવસર પર તેમના સંબોધનમાં, વડા પ્રધાન મોદીએ 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ની વકાલત કરી હતી અને કહ્યું હતું કે વારંવારની ચૂંટણીઓ દેશની પ્રગતિમાં અવરોધરૂપ છે. વડાપ્રધાન મોદીએ લાલ કિલ્લા પરથી પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, ''દેશે 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' માટે આગળ આવવું પડશે.''એક રાષ્ટ્ર, એક ચૂંટણી' એ ભાજપ દ્વારા લોકસભા ચૂંટણી માટેના તેના ઢંઢેરામાં આપેલા મુખ્ય વચનોમાંનું એક છે. પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આગેવાની હેઠળની એક ઉચ્ચ સ્તરીય સમિતિએ આ વર્ષે માર્ચમાં પ્રથમ પગલા તરીકે લોકસભા અને રાજ્ય વિધાનસભાઓની ચૂંટણી એકસાથે યોજવાની ભલામણ કરી હતી. સમિતિએ લોકસભા અને વિધાનસભાની ચૂંટણીના ૧૦૦ દિવસની અંદર સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજવાની પણ ભલામણ કરી હતી.આ સિવાય, લો કમિશન ૨૦૨૯ થી સરકારના ત્રણેય સ્તરો, લોકસભા, રાજ્ય વિધાનસભાઓ અને નગરપાલિકાઓ અને પંચાયતો જેવી સ્થાનિક સંસ્થાઓ માટે એકસાથે ચૂંટણીની ભલામણ કરે તેવી શક્યતા છે. તે ત્રિશંકુ ગૃહ અથવા અવિશ્વાસ પ્રસ્તાવ પસાર થવાના કિસ્સામાં એકતા સરકારની જોગવાઈની ભલામણ પણ કરી શકે છે. કોવિંદ સમિતિએ એકસાથે ચૂંટણી યોજવાની વ્યવસ્થા લાગુ કરવા માટે કોઈ સમય મર્યાદા નક્કી કરી નથી. તેણે ૧૮ બંધારણીય સુધારા કરવાની ભલામણ કરી હતી, જેમાંથી મોટા ભાગનાને રાજ્યની વિધાનસભાની મંજૂરીની જરૂર નથી. જો કે, આ માટે કેટલાક બંધારણીય સુધારા બિલની જરૂર પડશે, જેને સંસદ દ્વારા પસાર કરવાની જરૂર પડશે.

### દિલ્હીના રાજકારણમાં મોટો બદલાવ આવ્યો

# કેજરીવાલની રાજીનામાની જાહેરાત પર ભડક્યા માયાવતી

**આ દરમિયાન BSP સુપ્રીમો માયાવતીએ અરવિંદ કેજરીવાલના રાજીનામા પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે તેને રાજકીય દાવપેચ ગણાવ્યો**

નવી દિલ્હી,તા.૧૭

દિલ્હીના રાજકારણમાં મોટો બદલાવ આવ્યો છે. દિલ્હીમાં નવા મુખ્યમંત્રીના નામને મંજૂરી મળી ગઈ છે. અરવિંદ કેજરીવાલના રાજીનામા બાદ આતિશી દિલ્હીના નવા સીએમ બનશે. આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ આતિશીના નામ પર સહમતિ દર્શાવી છે. આ પછી વિવિધ રાજકીય પક્ષોના નેતાઓની પ્રતિક્રિયાઓ પણ આવવા લાગી છે. આ દરમિયાન BSP સુપ્રીમો માયાવતીએ અરવિંદ કેજરીવાલના રાજીનામા પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે તેને રાજકીય દાવપેચ ગણાવ્યો.માયાવતીએ 'X' પર લખ્યું, ''દિલ્હીના સીએમ પદ પરથી શ્રી અરવિંદ કેજરીવાલનું રાજીનામું વાસ્તવમાં તેમની ચૂંટણીલક્ષી ચાલ અને જનહિત/કલ્યાણથી દૂર રાજકીય દાવપેચ છે, પરંતુ તેઓ લાંબા સમયથી જેલમાં હોવાને કારણે દિલ્હીના લોકોએ જે અગણિત અસુવિધાઓ અને સમસ્યાઓનો સામનો કર્યો છે તેનો જવાબ કોણ આપશે?

તેમણે વધુમાં કહ્યું હતું કે, ''સરકાર અને વિપક્ષ વચ્ચેની રાજકીય લડાઈ દુશ્મનાવટના સ્તર સુધી કડવી ન હોય તો સારું રહેશે જેથી દેશ અને જનહિતને અસર ન થાય. બસપાની યુપી સરકારને પણ એવા દિવસો જોવા પડ્યા જ્યારે કેન્દ્રની કોંગ્રેસ સરકારે જેવર એરપોર્ટ અને ગંગા એક્સપ્રેસને પણ બંધ કરી દીધી અને જાહેર હિત અને વિકાસમાં અવરોધ ઊભો કર્યો.

ઉલ્લેખનીય છે કે અરવિંદ કેજરીવાલે દિલ્હીના મંત્રી આતિશીને તેમના સ્થાને આગામી મુખ્યમંત્રી બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ સર્વસંમતિથી સ્વીકારી લીધો હતો. કેજરીવાલે રવિવારે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવાનો નિર્ણય જાહેર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે તેઓ મુખ્યમંત્રીની ખુરશી પર ત્યારે જ બેસશે જ્યારે લોકો તેમને ઈમાનદારીનું પ્રમાણપત્ર આપશે. આતિશી પાર્ટી અને સરકારનો મુખ્ય ચહેરો છે અને તેઓ નાણાં, શિક્ષણ અને PWD (પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ) સહિત અનેક વિભાગોનો કાર્યભાર સંભાળે છે.

### અગાઉ પણ SC કાર્યવાહી પર પોતાનો વાંધો વ્યક્ત કરી ચૂક્યું

# દેશભરમાં બુલડોઝર એક્શન ઉપર સુપ્રીમનો ૧ ઓક્ટોબર સુધી રૂક જાઓનો આદેશ

**રસ્તાઓ, શેરીઓ, ફૂટપાથ અથવા જાહેર સ્થળો પર કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામોને યોગ્ય પ્રક્રિયા સાથે તોડી પાડવાની મંજૂરી આપવામાં આવશે**

નવી દિલ્હી,તા.૧૭

સુપ્રીમ કોર્ટે મંગળવારે ડિમોલિશન એટલે કે બુલડોઝરની કાર્યવાહી પર પ્રતિબંધ મૂક્યો છે. આ પ્રતિબંધ ૧ ઓક્ટોબર સુધી લગાવવામાં આવ્યો છે. કોર્ટનું કહેવું છે કે જાહેર અતિક્રમણ પર જ કાર્યવાહી કરવામાં આવશે. કોર્ટે બુલડોઝરની કાર્યવાહી પર રાજ્યોને સૂચના આપી છે અને કહ્યું છે કે બુલડોઝર ન્યાયનું મહિમામંડન બંધ કરવું જોઈએ. કાયદાકીય પ્રક્રિયા મુજબ જ અતિક્રમણ દૂર કરો.

આ ઘટનામાં સોલિસિટર જનરલે કહ્યું કે નોટિસ બાદ જ ગેરકાયદે બાંધકામ પર બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેના પર જસ્ટિસ બીઆર ગવઈએ કહ્યું કે, રસ્તાઓ, શેરીઓ, ફૂટપાથ અથવા જાહેર સ્થળો પર કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામોને યોગ્ય પ્રક્રિયા સાથે તોડી પાડવાની મંજૂરી આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ઉત્તર પ્રદેશ સહિત ઘણા રાજ્યોમાં બુલડોઝર દ્વારા તોડી પાડવાની કાર્યવાહી વિરુદ્ધ જમિયત ઉલેમા-એ-હિંદ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી દરમિયાન કોર્ટે આ વાત કહી હતી.સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કે.વી.વિશ્વનાથનની બેંચ સમક્ષ સોલિસિટર તુષાર મહેતાએ કહ્યું હતું કે જ્યાં પણ ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી છે, તે કાયદાકીય પ્રક્રિયાને અનુસરીને કરવામાં આવી છે. ચોક્કસ સમુદાયને નિશાન બનાવવાનો આરોપ ખોટો છે. એક રીતે, ખોટી વાર્તા ફેલાવવામાં આવી રહી છે. તેના પર જસ્ટિસ ગવઈએ કહ્યું કે અમે આ કથાથી પ્રભાવિત નથી થઈ રહ્યા. અમે સ્પષ્ટ કર્યું છે કે અમે ગેરકાયદે બાંધકામને રક્ષણ આપવાના પક્ષમાં નથી. અમે એક્ઝિક્યુટિવ જજ બની શકતા નથી. ડિમોલિશનની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાની જરૂર છે.

ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા ગુજરાતમાં એક કેસની સુનાવણી વખતે સુપ્રીમ કોર્ટે પણ બુલડોઝર જસ્ટિસ પર સવાલો ઉઠાવ્યા હતા. જસ્ટિસ હૃષીકેશ રોય, જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને જસ્ટિસ એસવીએન ભાટીની બેંચે કહ્યું હતું કે કોઈ વ્યક્તિના ઘર પર બુલડોઝર માત્ર એટલા માટે ચલાવી શકાય નહીં કારણ કે તે કેસમાં આરોપી છે. આરોપી દોષિત છે કે નહીં, એટલે કે તેણે ગુનો કર્યો છે કે કેમ તે નક્કી કરવાનું કામ સરકારનું નથી કોર્ટનું છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કાયદાના શાસનથી સંચાલિત દેશમાં વ્યક્તિની ભૂલની સજા તેના પરિવારના સભ્યો વિરુદ્ધ આવી કાર્યવાહી કરીને અથવા તેનું ઘર તોડીને આપી શકાય નહીં. કોર્ટ આવા બુલડોઝરની કાર્યવાહીને અવગણી શકે નહીં. આવી કાર્યવાહી થવા દેવી એ કાયદાના શાસન પર જ બુલડોઝર ચલાવવા સમાન છે. ગુનામાં કથિત સંડોવણી એ કોઈ મિલકતને તોડી પાડવાનું કારણ નથી.

### રજીસ્ટ્રેશન પ્રક્રિયા ૧૯મી ઓક્ટોબર સુધી ચાલશે

# CBSE એ ધો.૯ અને ૧૧ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની રજિસ્ટ્રેશનના નિર્દેશ કર્યો

**CBSEના આ ફેરફાર પાછળનો ઉદ્દેશ્ય જન્મતારીખની નોંધણી કરવામાં થતાં ભ્રમ ઘટાડવાનો**

મુંબઈ,તા.૧૭

CBSE સ્કૂલોમાં ૯મા અને ૧૧મા ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની રજિસ્ટ્રેશન પ્રક્રિયા આવતીકાલથી શરૂ થશે અને ૧૯મી ઓક્ટોબર સુધી ચાલશે. તેના માટે રજીસ્ટ્રેશન વિન્ડો ખુલ્યા બાદ સ્કૂલો વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન કરાવી શકશે. આ વખતે વિદ્યાર્થીઓની જન્મ તારીખ ભરતી વખતે સ્કૂલોએ ખૂબ કાળજી રાખવી પડશે કારણ કે ઝમ્જીઈ એ ૨૦૨૫-૨૬ની વાર્ષિક પરીક્ષાઓ માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરતા પહેલા નવા દિશા-નિર્દેશો જાહેર કર્યા છે. બોર્ડે કહ્યું કે હવે વિદ્યાર્થીઓની જન્મ તારીખ નોંધવાની પેટર્નમાં ફેરફાર કરવો પડશે. તે પ્રમાણે જન્મતારીખનો દિવસ અને વર્ષ નંબરોમાં લખવામાં આવશે, જ્યારે મહિનો અક્ષરોમાં લખવામાં આવશે. ઉદાહરણ તરીકે જો વિદ્યાર્થીની જન્મ તારીખ ૧લી ફેબ્રુઆરી ૨૦૦૫ છે તો તેને ૦૧-હ્લીમ્-૨૦૦૫ તરીકે નોંધવામાં આવશે. બોર્ડે આ વખતે બીજા પણ કેટલાક ફેરફાર કર્યા છે. હવે એક વખત વિદ્યાર્થીનો ડેટા બોર્ડને મોકલી દીધા બાદ તેમાં કોઈ પણ પ્રકારનો સુધારો કરી શકાશે નહીં. આ પહેલા સ્કૂલ પરીક્ષા પહેલા વિદ્યાર્થીઓ અથવા તો તેમના માતાપિતાની વિનંતી પર જન્મ તારીખ અથવા નામમાં સુધારો કરી દેતી હતી. આ પ્રક્રિયાને કારણે બોર્ડને ડેટા સુધારવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. હવે આ સુધારો પરીક્ષાઓના પરિણામ જાહેર થયા બાદ જ કરી શકશે. આ ફેરફારથી CBSE ને ડેટા મેનેજમેન્ટમાં સરળતા રહેશે અને પરીક્ષા પ્રક્રિયા વધુ સરળ રીતે ચાલશે.CBSEના આ ફેરફાર પાછળનો ઉદ્દેશ્ય જન્મતારીખની નોંધણી કરવામાં થતાં ભ્રમ ઘટાડવાનો છે. સ્કૂલોએ પણ બોર્ડના આ નિર્ણયની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે પહેલા આખી જન્મતારીખ અંકોમાં નોંધવામાં આવતી ત્યારે ઘણી ગેરસમજ થતી હતી. ખાસ કરીને દેશના જુદા જુદા ભાગોમાં અલગ-અલગ તારીખના ફોર્મેટનો ઉપયોગ કરવામાં આવતો હતો જેના કારણે એ નક્કી કરવું મુશ્કેલ બની જતી હતું કે, જન્મતારીખ કયા ફોર્મેટમાં લખવામાં આવી છે.

### રાજ્યના પૂર્વ મંત્રી જવાહર ચાવડાએ વડાપ્રધાનને લખ્યો પત્ર

# જુનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ કીરીટ પટેલ એક જ સાથે ત્રણ હોદ્દા પણ ભોગવે છે : પૂર્વ મંત્રી

**આમ તો આ નિયમો દરેક કાર્યકર્તા કે હોદ્દેદારોને સમાન રીતે લાગુ પડે છે, પરંતુ જુનાગઢ આમા અપવાદ છે**

જુનાગઢ,તા.૧૭

રાજ્યના પૂર્વ મંત્રી અને એક સમયના કોંગ્રેસના પીઢ નેતા જવાહર ચાવડા હવે ભાજપમાં પણ વિદ્રોહના સૂર રેલાવી રહ્યા છે. જેમાં ખાસ લોકસભા ચૂંટણી બાદ સાંસદ અને મંત્રી મનસુખ માંડવીયાને લઈને થયેલા વિવાદ બાદ ફરી તેમણે સીધી પ્રધાનમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે. જવાહર ચાવડાએ પત્રમાં લખ્યું છે કે સત્યનો હંમેશા વિજય થાય છે આ કથા છે જુનાગઢ શહેરની. નવ વર્ષની વ્યથાની, આપણા શિસ્તને વરેલા પક્ષમાં કેટલાક નિયમો છે. આમ તો આ નિયમો દરેક કાર્યકર્તા કે હોદ્દેદારોને સમાન રીતે લાગુ પડે છે, પરંતુ જુનાગઢ આમા અપવાદ છે. જવાહર ચાવડાએ લખ્યું કે જુનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ કીરીટ પટેલ છેલ્લા નવ વર્ષથી હોદ્દા પર છે અને આ સ્થાન પર રહી અને તેનો દુરઉપયોગ કરીને બીજા સ્થાન પ્રાપ્ત કર્યા છે. એક જ સાથે ત્રણ હોદ્દા પણ ભોગવે છે, ૧. જિલ્લા પ્રમુખ ૨. બેક્રમાં પ્રમુખ ૩. માર્કેટીંગ યાર્ડમાં પ્રમુખ. બે જીલ્લાના ત્રણ તાલુકાઓના યાર્ડમાં પ્રમુખપદ ભોગવ્યું, ૧. તાલાળા ૨. વિસાવદર ૩. જુનાગઢ કદાચ ભારતમાં પહેલીવાર આટલું લોલમલોલ ચાલ્યુ હશે અને પ્રમુખ પદની મ્યુચ્યુલ ટ્રાન્ફર પણ કરી. તેમણે જણાવ્યું કે આટલા બધા પદ એ સત્તા લાલસાની પરાકાષ્ટા છે. કેટલાક તો એકસાથે ભોગવ્યા જેથી વિવિધ વિભાગો અને સ્થાનોમાં વસૂલી કે હપ્તાખોરી કરીને ચરમસીમા વટાવી છે. આ અંગે મેં અને અન્ય આગેવાનો ૧. કનુભાઈ ભાલાળા ૨. ઠાકરશીભાઈ જાવિયા ૩. માધાભાઈ બોરીચા વગેરેએ વખતો વખત ફરીયાદ કરી હોવા છતાં પણ આપના સમક્ષ આ વાત પહોંચી નથી, ક્યાંક કોઈ રહેમ નજર હેઠળ દબાઈ જાય છે.આ પત્ર જાહેર એટલે કરવો પડે છે કે આપ સુધી આ વાત પહોંચે, કારણ કે આ માણસની ગુનાહિત બેદરકારી અને ભ્રષ્ટાચારે આપણા પક્ષને પણ નીચું જોવુ પડે એવા કૃત્યો કર્યા છે. આમ તો આ લીસ્ટ લાંબુ છે પરંતુ બે અક્ષમ્ય કૃત્યો જેનાથી સમગ્ર જુનાગઢની પ્રજામાં નારાજગી અને રોષ છે. તેમના પત્રમાં લખ્યું છે કે અમારી સમસ્યા અને પીડા એ છે કે જો ભાજપ પ્રમુખ જ આવા કૃત્યો કરે તો પ્રજાની વચ્ચે ક્યાં મોઢે જવું ? પ્રજાનો સામનો કેમ કરવો ? આ સાથે તેમણે અગાઉ કરેલ રજૂઆતની પાંચ ફરિયાદ પણ જોડી છે.

# આજનો દિવસ દિલ્હી માટે દુઃખદ દિવસ છેઃસ્વાતિ માલિવાલ

**આતિશીના માતા-પિતા આતંકવાદી અફઝલ ગુરુ માટે લડયાઃ સ્વાતિ માલિવાલનો મોટો આરોપ**

નવી દિલ્હી,તા.૧૭

દિલ્હીના નવા મુખ્યમંત્રી બનવા જઈ રહેલા આતિશી માર્લેના પર તેની જ પાર્ટીની રાજ્યસભા સાંસદ સ્વાતિ માલિવાલે આજે મંગળવારે મોટો આરોપ લગાવ્યો છે. સ્વાતિ માલિવાલે કહ્યું છે કે, ''આતિશીના માતા-પિતા આતંકવાદી અફઝલ ગુરુને ફાંસીથી બચાવવા માટે લડ્યા હતા.'' ૧૩ મેના રોજ કેજરીવાલના આવાસ પર હુમલો થયાનો આરોપ લગાવીને વિદ્રોહી બનેલા સ્વાતિ માલિવાલે તેને દેશની સુરક્ષા સાથે પણ જોડ્યું અને કહ્યું કે, ''આજનો દિવસ દિલ્હી માટે દુઃખદ દિવસ છે.''

સ્વાતિ માલિવાલે પર પોસ્ટ મૂકીને લખ્યું કે, 'દિલ્હી માટે આજનો દિવસ ખૂબ જ દુઃખદ છે. આજે એક મહિલાને દિલ્હીની મુખ્યમંત્રી બનાવવામાં આવી રહી છે તેના પરિવારે આતંકવાદી અફઝલ ગુરુને ફાંસીથી બચાવવા માટે લાંબી લડાઈ લડી હતી. આતંકવાદી અફઝલ ગુરુને બચાવવા માટે તેના માતા-પિતાએ માનનીય રાષ્ટ્રપતિને દયા અરજી લખી હતી. તેમના મતે અફઝલ ગુરુ નિર્દોષ હતો અને તેને રાજકીય ષડયંત્રના ભાગરૂપે ફસાવવામાં આવ્યો હતો. જો કે આતિશી માર્લેના માત્ર 'Dummy CM' છે, તેમ છતાં આ મુદ્દો દેશની સુરક્ષા સાથે જોડાયેલો છે. ભગવાન દિલ્હીની રક્ષા કરે!'તેની પોસ્ટની સાથે, માલિવાલે આતિશીની તેના માતા-પિતા સાથેની તસવીર, કથિત રીતે દયાની અરજીનો હિસ્સો અને એક વીડિયો પણ પોસ્ટ કર્યો છે. માલિવાલ દ્વારા શેર કરવામાં આવેલી વીડિયો ક્લિપમાં તૃપ્તિ વાહીને એમ કહેતા સાંભળી શકાય છે કે, અફઝલ ગુરુને બલિનો બકરો બનાવવામાં આવ્યો હતો.

ભાજપના નેતાઓ પણ આતિશીના માતા-પિતા પર અફઝલ ગુરુ માટે લડવાનો આરોપ લગાવી રહ્યા છે. બીજેપી નેતા કપિલ મિશ્રાએ ઠ પર એક પોસ્ટ લખીને આરોપ લગાવ્યા છે. તેમણે કહ્યું કે, ''કેજરીવાલ પાછલા દરવાજાથી દિલ્હી પર નક્સલવાદી માનસિકતા થોપવાનું પાપ કરી રહ્યા છે.'' તાજેતરમાં જ પત્રકાર બનેલા ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ પણ આતિશી પર આ આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, 'એક સમય હતો જ્યારે આતિશીનો પરિવાર અફઝલ ગુરુની ફાંસી રોકવાનો પ્રયાસ કરી રહ્યો હતો.'

### હાઇ પ્રોફાઇલ હોવા છતાં, તેણે કાયદાનું ઉલ્લંઘન કર્યું

# અમેરિકામાં ભારતીય મૂળના ઉદ્યોગપતિને ડ્રિંક એન્ડ ડ્રાઇવ ભારે પડયું

**કાનૂની ગતિ મર્યાદા કરતા લગભગ બમણી ઝડપે ડ્રાઇવ કરી રહ્યો હતો આકાશ પટેલની ધરપકડ કરવામાં આવી**

ન્યૂયોર્ક,તા.૧૭

હિલ્સબોરો કોમ્યુનિટી કોલેજ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝના ભારતીય મૂળના સભ્ય અને બિઝનેસમેન આકાશ પટેલને ડ્રિંક એન્ડ ડ્રાઇવ મોંઘું પડી ગયું છે. તેમના વકીલનું કહેવું છે કે આકાશ પટેલને આ કેસમાં પ્રોબેશન પર રહેવું પડી શકે છે અને સૌથી ખરાબ સ્થિતિમાં તેને જેલમાં રહેવું પડી શકે છે.આકાશ પટેલ એક બિઝનેસમેન છે અને સમાજમાં જાણીતા છે. આકાશ પટેલ પર લગભગ બમણી સ્પીડ લિમિટમાં ડ્રાઈવિંગ કરવાનો આરોપ છે. જેના કારણે ટેમ્પા પોલીસે આકાશ પટેલને અટકાવી તેની ધરપકડ કરી હતી. પટેલ માત્ર HCCમાં જ નહીં પરંતુ હિલ્સબોરો કાઉન્ટીના અર્લી લર્નિંગ ગઠબંધન અને અન્ય કેટલાક સ્થાનિક બોર્ડમાં પણ બોર્ડ અધ્યક્ષ તરીકે સેવા આપે છે. આમ, સ્થાનિક સમુદાયોમાં ખૂબ જ જાણીતા અને હાઈ પ્રોફાઈલ હોવા છતાં, તેણે કાયદાનું ઉલ્લંઘન કર્યું છે.

આકાશ પટેલે અગાઉના એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, મને લાગે છે કે આગામી પેઢીનું નેતૃત્વ કરવા માટે નવા નેતૃત્વ તરફ આગળ વધવાનો સમય આવી ગયો છે. આકાશ પટેલ હિલ્સબોરો કાઉન્ટીના નેતાઓમાં એક પરિચિત ચહેરો છે. આકાશ પટેલ બિઝનેસ ડેવલપમેન્ટ કન્સલ્ટિંગ ફર્મ એલિવેટના સ્થાપક છે. તેમણે રાજકારણમાં પણ હાથ અજમાવ્યો છે. ગવર્નર રોન ડીસેન્ટિસે ૨૦૨૧માં પટેલને હિલ્સબોરો કોમ્યુનિટી કોલેજ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝમાં નિયુક્ત કર્યા હતા. આકાશ પટેલ ૨૦૧૮ માં રિપબ્લિકન તરીકે હિલ્સબોરો કાઉન્ટી કમિશન માટે અસફળ રીતે દોડ્યા હતા.

ટામ્પા પોલીસે જણાવ્યું હતું કે પેટ્રોલિંગ અધિકારીઓ ૨૮ ઓગસ્ટના રોજ સવારે ફરજ પર હતા ત્યારે તેઓએ આકાશ પટેલ દ્વારા ચલાવવામાં આવતી એક ઝડપી BMW જોયો હતો. પોલીસે પટેલની ધરપકડ કરી અને તેમના સોગંદનામા મુજબ, અધિકારીએ અવલોકન કર્યું કે પટેલને ''કારને એક લેનમાં જાળવવામાં અને કોઈ દેખીતા કારણ વગર કારને ધીમી અને ઝડપી કરવામાં મુશ્કેલી પડી રહી હતી.''અધિકારીએ પટેલને વેસ્ટ સાયપ્રેસ સ્ટ્રીટ અને નોર્થ લોઈસ એવન્યુના ચાર રસ્તા પર રોક્યા. અધિકારીએ જોયું કે પટેલ અસ્પષ્ટ બોલી રહ્યો હતો અને દારૂની ગંધ આવી રહી હતી. પટેલે પોલીસ અધિકારીને જણાવ્યું કે તે ટેમ્પામાં એક વર્ક ઈવેન્ટમાંથી પરત ફરી રહ્યો હતો અને તેણે ડ્રાઈવિંગ કરતા પહેલા દારૂ પીધો હતો. ફીલ્ડ સોબ્રીટી ટેસ્ટ અને બ્રેથલાઈઝર ટેસ્ટમાં જાણવા મળ્યું કે તે કાનૂની ગતિ મર્યાદા કરતા લગભગ બમણી ઝડપે ડ્રાઈવ કરી રહ્યો હતો. આકાશ પટેલની ધરપકડ કરવામાં આવી હતી, DUI સાથે આરોપ મૂકવામાં આવ્યો હતો અને હિલ્સબોરો કાઉન્ટી જેલમાં લઈ જવામાં આવ્યો છે.

# ડોનાલ્ડ ટ્રમ્પ ઉપર હુમલાનો પ્રયાસ કરનારની ઓળખ બહાર આવી

અમેરિકા,તા.૧૭

અમેરિકાના પૂર્વ પ્રમુખ અને વર્તમાનમાં રીપબ્લિકન પાર્ટીના પ્રમુખપદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ ઉપર હુમલો કરવાનો પ્રયત્ન કરનારની ઓળખ બહાર આવી છે. તેની વય ૫૮ વર્ષની છે. તેનું નામ રીયાન વેસ્લી રૂથ હોવાનું પામ બીચ કાઉન્ટીના શેરિફ રીક બ્રેડ શોયે જણાવ્યું હતું કે ફલોરિડા સ્થિત પોતાની ગોલ્ફ લિંક્સ ઉપર ગોલ્ફ રમી ટ્રમ્પ તેઓની પ્રચાર વ્યસ્તતામાંથી જરા શ્વાસ લેવા તેઓના મિત્ર સાથે ગોલ્ફ રમતા હતા ત્યારે તેમનાથી ૪૦૦-૫૦૦ વાર દૂરથી ગોલ્ફ લિંકસની ઝાંખરાની વાડ પાછળથી છુપાઈને ટ્રમ્પને ગોળી મારવાનો પ્રયત્ન કરતો હતો, ત્યાં જ અમેરિકાની આંતરિક જાસૂસી સંસ્થા એફબીઆઈના જવાનોએ તે રાયફલની નળી તરફ ગોળીબાર શરૂ કરતાં તે તેની એકે પ્રકારની રાયફલ તથા વાસે ભરાવી રખાતા બે બેક પેક્સ સ્થળ ઉપર જ પડતાં મુકી પોતાની કાળી નિસ્સાન કારમાં નાસી છુટયો હતો.પરંતુ એફબીઆઈએ તેનો બરોબર પીછો કરી આઈ-૯૫ હાઈવે ઉપર ગોલ્ફ કોર્ટથી આશરે ૪૦ માઈલ દૂર ઓડા બાંધી દીધા હતા. રૂથ સમજી ગયો હતો કે હવે સંઘર્ષ થઈ શકે તેમ નથી, તેથી તે શરણે થઈ ગયો.સર્વવિદિત છે કે ટ્રમ્પ યુક્રેનને સહાય કરવાના વિરોધી છે. જ્યારે રૂથ યુક્રેનનો જબ્બર સમર્થક છે. યુદ્ધમાં યુક્રેનને સાથ આપવા યુવાનોની ભરતી પણ કરતો હતો.યુક્રેન તરફનું રૂથ વલણ ધરાવે છે, ટ્રમ્પ યુક્રેનને સહાય કરવાના મતના નથી. તેથી જ રૂથે કદાચ ટ્રમ્પની હત્યાનો પ્રયાસ કર્યો હશે તેમ વિશ્લેષકએ જણાવ્યું હતું.

# બેટ દ્વારકામાં પૂર્વ કાંઠા વિસ્તારનાં દરિયા કિનારેથી ચરસના ૨ પેકેટો મળી આવ્યા

બેટ દ્વારકા,તા.૧૭

ગુજરાતનો દરિયા કિનારો ધીમે ધીમે નસીલા પદાર્થોની હેરાફેરી કરતું હબ બની જવા પામ્યું છે. છેલ્લા ઘણાં દિવસોથી સૌરાષ્ટ્રના દરિયાકાંઠેથી માદક પદાર્થોનો જથ્થો મળી આવ્યો છે. ત્યારે બેટ દ્વારકામાં પૂર્વ કાંઠા વિસ્તારનાં દરિયા કિનારેથી ચરસના ૨ પેકેટો મળી આવ્યા હતા. જેની કિંમત અંદાજે ૯૩.૩૦ લાખ રૂપિયા હોવાનું જાણવા મળ્યુ છે.મળતી માહિતી અનુસાર, દેવભૂમિ દ્વારકાના બેટ દ્વારકાના દરિયા કાંઠે સોમવારે શંકાસ્પદ પેકેટ પડ્યા હોવાની માહિતી મળતા પોલીસે ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસ તપાસમાં આ પેકેટમાં હાઈ ક્વોલિટીનો ચરસ હોવાનું જાહેર થયું છે. જેનું વજન ૮૬૬ ગ્રામ હોવાનું ખુલવા પામ્યું છે. આ મામલે બેટ દ્વારકા પોલીસે એનડીપીએસ એક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, ડ્રગ્સ માફિયાઓએ હવે નવો પેતરો અપનાવ્યો છે. જેમાં ઈન્ટરનેશનલ સી બોર્ડર પરથી ડ્રગ્સના પેકેટ પ્લાસ્ટીકની કોથળીમાં પેક કરી દરિયામાં ફેંકી દેવામાં આવે છે. જે તણાઈને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠે પહોંચ્યા બાદ ડ્રગ્સ માફિયાઓના એજન્ટો દ્વારા ડ્રગ્સના આ પેકેટો મેળવી શહેરોમાં વેચી નાખવામાં આવતું હોવાનું એક નેટવર્ક ચાલી રહ્યું છે.

# અમરેલી કોલેજ ચોકથી સ્ટેશન વિસ્તારમાં શ્રમદાન કાર્યક્રમ સંપન્ન



મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં સ્વચ્છતા પખવાડા અભિયાન યોજાઈ રહ્યા છે. આ કડીના ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં સમગ્ર રાજયમાં ' સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમનો પ્રારંભ થયો છે. અમરેલી નગરમાં વિધાનસભાના નાયબ મુખ્યદંડક અને અમરેલી, વડીયા, કુંકાવાવ મતવિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા અને જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને શ્રમદાન કાર્યક્રમ સંપન્ન થયો હતો. અમરેલી નગરપાલિકા દ્વારા આયોજિત કાર્યક્રમમાં મહાનુભાવોએ શહેરના કોલેજ ચોકથી સ્ટેશન વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધર્યુ હતું. વિદ્યાર્થીઓ અને નાગરિકો પણ આ અભિયાનમાં જોડાયા હતા અને રસ્તાની સાફસફાઈ કરી હતી અને ઘન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. સમગ્ર અમરેલી જિલ્લામાં આગામી ૩૧ ઓકટોબર સુધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત અનેકવિધ કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે નાયબ મુખ્યદંડક અને જિલ્લા કલેકટરએ જનભાગીદારીથી સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા આહ્વાન કર્યુ હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ બિપીનભાઈ લીબાણી, અમરેલી પ્રાંત અધિકારી નાકિયા, અમરેલી શહેર મામલતદાર, જિલ્લા વહીવટીતંત્ર અને નગરપાલિકાના કર્મયોગીઓ, વિદ્યાર્થીઓ અને નાગરિકો જોડાયા હતા.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૬૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં | ૪૮૦ | ૫૬૧ |
| ૩ | ચણા | ૧૩૫૧ | ૧૪૫૩ |
| ૪ | મગ | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ૫ | સોયાબીન | ૮૬૧ | ૮૭૭ |
| ૬ | તલ | ૨૩૭૦ | ૨૩૭૦ |
| ૭ | બાજરો | ૪૨૦ | ૪૨૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૭૬૦ | ૧૧૧૨ |
| ૨ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૬૫૦ |
| ૩ | તલ સફેદ | ૧૭૮૫ | ૨૭૨૪ |
| ૪ | તલ કાળા | ૨૪૩૦ | ૩૭૭૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૧૦૦ | ૩૩૫૦ |
| ૬ | બાજરો | ૪૩૦ | ૫૨૫ |
| ૭ | જુવાર | ૪૫૧ | ૭૯૬ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૬ | ૬૨૨ |
| ૯ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૯૨ |
| ૧૦ | મગ | ૧૩૦૦ | ૧૫૫૦ |
| ૧૧ | અડદ | ૧૦૪૫ | ૧૧૨૦ |
| ૧૨ | ચણા | ૧૨૩૦ | ૧૪૫૦ |
| ૧૩ | વાલ | ૧૦૩૧ | ૧૦૩૧ |
| ૧૪ | કપાસ | ૯૮૮ | ૧૬૯૯ |
| ૧૫ | એરંડા | ૮૦૦ | ૧૧૨૨ |
| ૧૬ | જીરૂ | ૨૫૦૦ | ૪૫૦૦ |
| ૧૭ | ધાણા | ૧૦૩૫ | ૧૩૧૫ |
| ૧૮ | અજમા | ૨૨૭૫ | ૨૮૦૦ |
| ૧૯ | મેથી | ૯૭૫ | ૧૦૯૫ |
| ૨૦ | સોયાબીન | ૭૫૦ | ૯૦૪ |
| ૨૧ | રજકાનુ બી | ૨૮૭૫ | ૪૭૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૩ | ૧૬૭૭ |
| ૨ | જીરૂ | ૪૦૨૫ | ૪૧૭૫ |
| ૩ | ઘઉં | ૪૮૪ | ૫૫૬ |
| ૪ | મગ | ૧૪૪૦ | ૧૫૧૦ |
| ૫ | તલ સફેદ | ૨૨૪૦ | ૨૬૦૦ |
| ૬ | અડદ | ૧૨૮૦ | ૧૬૯૦ |
| ૭ | એરંડા | ૧૦૩૧ | ૧૧૫૯ |
| ૮ | બાજરો | ૪૦૫ | ૪૫૫ |
| ૯ | જુવાર | ૫૩૦ | ૫૮૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૦૩૬ | ૧૦૭૧ |
| ૨ | શીંગ નવી | ૬૫૧ | ૭૭૨ |
| ૩ | શીંગ દાણા | ૧૧૦૪ | – |
| ૪ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૬૬૮ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૬૨૦ |
| ૬ | જીરૂ | ૩૫૦૦ | ૪૫૫૦ |
| ૭ | કપાસ | ૧૩૦૦ | ૧૬૫૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૬૦ | ૬૦૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૫ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૯૦ |
| ૧૧ | જુવાર | ૫૫૦ | ૭૭૯ |
| ૧૨ | મકાઈ | ૫૦૦ | ૬૫૯ |
| ૧૩ | મગ | ૧૦૦૦ | ૧૧૦૪ |
| ૧૪ | અડદ | ૧૩૦૦ | ૧૫૯૫ |
| ૧૫ | ચણા | ૧૨૫૦ | ૧૪૩૦ |
| ૧૬ | એરંડી | ૧૦૫૦ | ૧૧૪૦ |
| ૧૭ | રાય/રાયડો | ૧૨૦૧ | – |
| ૧૮ | સોયાબીન | ૭૦૦ | ૮૮૧ |
| ૧૯ | વાલ | ૧૬૦૦ | – |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૬૪૦ |
| ૨ | સોયાબીન | ૮૬૭ | ૮૮૪ |
| ૩ | ઘઉં લોકવન | ૫૨૧ | ૫૬૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૫૦ |
| ૫ | જીરૂ | ૪૩૦૫ | ૪૩૦૫ |
| ૬ | મકાઈ | ૫૫૦ | ૫૫૦ |
| ૭ | ચણા | ૧૨૧૫ | ૧૩૯૫ |
| ૮ | મગ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૯ | ધાણા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| ૧૦ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૫૦૦ |
| ૧૧ | અડદ | ૯૪૫ | ૧૨૦૦ |
| ૧૨ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૫૦ | ૯૫૦ |
| ૨ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૬૬૦ |
| ૩ | તલ કાળા | ૨૩૫૦ | ૩૩૦૧ |
| ૪ | કપાસ | ૧૦૯૧ | ૧૬૦૧ |
| ૫ | બાજરો | ૪૫૧ | ૫૪૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૭૧ |
| ૭ | જુવાર | ૪૫૦ | ૮૩૬ |
| ૮ | મગ | ૮૦૦ | ૧૧૦૦ |
| ૯ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૦ | તુવેર | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૧ | ચણા | ૮૬૦ | ૧૪૦૧ |
| ૧૨ | જીરૂ | ૪૨૦૦ | ૪૪૦૦ |
| ૧૩ | સોયાબીન | ૮૮૦ | ૮૯૪ |
| ૧૪ | વાલ | ૯૮૮ | ૯૮૮ |

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

પાના ૧ ઉપરનું ચાલું

## ગણપતિ વિસર્જન

ખાંભા શહેરના વિવિધ વિસ્તારોમાં વિધ્નહર્તા ગણેશજીની દસ દિવસ પૂંજા–અર્ચના કર્યા બાદ દસમાં દિવસે વાજતે ગાજતે ઢોલ નગારાના તાલે અને અગલે બરસ તુ જલ્દી આના નાદ સાથે ખાંભાના મોભનેશ ડેમે ગણેશજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં ભાવિ ભકતોજનો આ વિસર્જનની શોભાયાત્રામાં જોડાયાં હતાં અને પુરતો પોલીસ બંદોબસ્ત હોમગાર્ડ જવાનો સાથે ગણેશજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું અને અગલે બરસ તુ જલ્દી આ ના નાદ ગુંજી ઉઠયો હતો અને ખાંભા શહેરમાં શાંતિથી વિધ્નહર્તા ગણેશજીનું વિસર્જન થયું હતું.

**બગસરા**

બગસરામાં આજે પોલીસ સ્ટેશન પાસે આવેલી સાતલડી નદીમાં ગણેશ વિસર્જન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના અલગ અલગ વિસ્તારમાંથી ૧૨ જેટલા નોંધાયેલા તેમજ અન્ય નાના–મોટા અનેક ગણપતિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ વિસર્જન સમયે બગસરા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જેમાં એક પી.આઈ., બે પીએસઆઇ તેમજ ૨૫ પોલીસ કર્મી અને ટીઆરબી અને જીઆરડીના જવાનો દ્વારા કોઈ અનહોની ન થાય તેના માટે ચુસ્ત બંદોબસ્ત સાથે ડીજેના તાલે લોકો દ્વારા ગણપતિની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યુ હતું. નગરપાલિકા દ્વારા તેમના તરવૈયાઓ દ્વારા કોઈ વ્યકિત પાણીમાં ન જાય અને જાનહાની ન થાય તેના માટે ચાંપ તો બંદોબસ્ત કરીને વિસર્જન કરવામાં આવ્યું હતું. આ તકે અનેક બાળકો ભાવુક થઈને વિધ્નહર્તા દેવને વશમી વિદાય આપી હતી અને અગલે બરસ તું જલ્દી આના નારા સાથે વિસર્જન કરવામાં આવ્યું હતું.

**સાવરકુંડલા**

સાવરકુંડલા શહેરમાં આવેલ ગણપતિ વિસર્જનના પ્રસંગે અધ્યાપન મંદિરની વિધાર્થીની બહેનોએ મરાઠી સાડી પહેરી અને ગણપતિ બાપાની પૂજા કરી હતી અને આ દિવસે બાપાને છપ્પનભોગ પણ અર્પણ કરવામાં આવ્યા હતા. અધ્યાપન મંદિરમાં ૧૦ દિવસ ગણપતિ બાપાને લાવ્યા એ દરમિયાન દરરોજ પૂજા આરતી વિદ્યાર્થીની બહેનો દ્વારા જ કરવામાં આવતી હતી. જેવી રીતે ગણેશ ચતુર્થીના દિવસે ગણપતિ બાપાના આગમનની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી તેવી જ રીતે ગણેશ વિસર્જન પણ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવવામાં આવ્યો હતો અને ગણપતિ બાપા આવતા વર્ષે ફરી વાર આવે તેવી વિદ્યાર્થીની બહેનોએ પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે અધ્યાપન મંદિરના આચાર્ય બાબુભાઈ ચાવડા, અધ્યાપક રવિભાઈ મહેતા, ભાવેશભાઈ કાકલોતર અને સ્ટાફગણના બહેન રેણુકા, અરૂણબેન ગણપતિ વિસર્જનમાં જોડાયા હતાં. એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૨૮૬ | ૧૩૩૫ |
| ૨ | ઘઉં | ૪૮૦ | ૪૮૦ |
| ૩ | બાજરો | ૪૮૦ | ૫૦૦ |

# લીલીયામોટા ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા હિન્દુ સંમેલન યોજાયું



લીલીયા મોટા ખાતે અમરેલી જિલ્લા વિ હિન્દુ પરિષદના પ્રમુખ ઈતેશભાઈ મહેતાની ઉપસ્થિતિમાં લીલીયા મોટા પ્રખંડ વિ હિન્દુ પરિષદ દ્વારા વિ હિન્દુ પરિષદના પ્રમુખ નિલેશભાઈ શેખલીયા, બજરંગદળ પ્રમુખ મિતભાઈ સોળીયા, વિ.હિ.પ. લીલીયા મોટા મંત્રી દિનેશભાઈ સંગતાણી, તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, જિલ્લા વિ.હિ.પ. સાંસ્કૃતિક વિભાગ પ્રમુખ કમલેશબાપુ અગ્રાવત તેમજ સમગ્ર હિન્દુ સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં બાબુભાઈ ધામત, લીલીયા મોટા ગ્રામ પંચાયતનાં સરપંચ જીવનભાઈ વોરા, ભાજપ અગ્રણી ભીખાભાઈ ધોરાજીયા, મનસુખભાઈ ગાંગડીયા, ગોવિંદભાઈ ચાવડા, લલિતભાઈ દોશી, મનસુખભાઈ ચોપડા, લખુભાઈ શિંગાળા, હરેશભાઈ ગાંગડિયા, જતીન ધામત, હરિભાઈ ધોરાજીયા, આર.બી. ભાલાળા, ડો. કુંભાણી, ઘનશ્યામભાઈ બારૈયા, કિશોરભાઈ પાઠક (એડવોકેટ), અરજણભાઈ ધામત, કેપ્ટન એસ.પી. ભડકોલીયા, રમેશભાઈ ભડકોલીયાની ઉપસ્થિતિમાં હિન્દુ સંમેલન યોજવામાં આવેલ. આ સંમેલનનું ઉદઘાટન જિલ્લા વિ હિન્દુ પરિષદના પ્રમુખ ઈતેશભાઈ મહેતા તથા મંચસ્થ મહેમાનોના વરદહસ્તે દીપપ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. સાથે સાથે વિ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળના વિવિધ હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવેલ. જેમાં નીચે મુજબના હોદેદારોની નિમણૂંક, આગેવાનો, હોદેદારો, નગરજનોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ અને તમામ નવનિયુકત હોદેદારોને ખેસ પહેરાવી આવકારવામાં આવેલ. જેમાં લીલીયા તાલુકાના વિ.હિ.પના ઉપપ્રમુખ તરીકે કિરીટભાઈ રવાણી, સિધ્ધુભાઈ ચોકસી, સંગઠન મંત્રી તરીકે પંકજભાઈ વાળા, બજરંગદળ સુરક્ષા સંયોજક તરીકે રાહુલભાઈ સાનિયા, બજરંગદળ લીલીયા શહેર સંયોજક તરીકે ભૌતિકભાઈ માળવીયા, સહસંયોજક કરણસિંહ ડોડીયા, દિપકભાઈ, નિરલ રામાણી, ગૌરક્ષા સંયોજક તસ્પત રાઠોડ, જૈમિનભાઈ પાઠક, દિલીપભાઈ ડાભીની નિમણૂંક કરવામાં આવેલ. આ પ્રસંગે સમારોહના મુખ્ય વકતા અમરેલી જિલ્લા વિ હિન્દુ પરિષદના અધ્યક્ષ એડવોકેટ ઈતેશભાઈ મહેતાએ આ તકે જણાવેલ કે વિ હિન્દુ પરિષદ એ હિંદુ સમાજનું કવચ અને કુંડળ છે. હિન્દુધર્મની રક્ષણ તથા સંવર્ધન માટે વર્ષ ૧૯૬૪ માં મુંબઈના સાંદિપની આશ્રમ ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના દ્રિતીય સરસંઘચાલક પૂજય ગુરૂજીની પ્રેરણાથી હિન્દુ, શીખ, જૈન વગેરે ભારતીય પરંપરાઓના પૂજય સંતો તથા પદ્મશ્રી કે.કા. શાસ્ત્રીજી જેવા વિદ્વાનોની પ્રેરક ઉપસ્થિતિમાં વિ હિન્દુ પરિષદની સ્થાપના થઈ. આજદિન સુધીના કાર્યકાળમાં અનેક સફળ આંદોલન તથા જનજાગરણ થકી વિ.હિ.પ. દ્વારા શ્રદ્ધા કેન્દ્રોની મુકિત, લવ–લેન્ડ જેહાદ વિરૂધ્ધ કાયદા, ગૌરક્ષા માટે કાયદા, ધર્માતરણ અટકાવવું, ઘરવાપસી, સામાજિક સમરસતા, વનવાસી કલ્યાણ, સેવા, બાલ સંસ્કાર જેવા અનેક કાર્યો સફળતાપૂર્વક કરવામાં આવ્યા છે. આજે પણ ૩૨ દેશોમાં ૬૩ હજાર કરતાં વધુ સમિતિઓ અને ૭૦૦ જેટલા પૂર્ણકાલીન કાર્યકર્તાઓના માધ્યમથી ચાલતી વિ.હિ.પ. એ વિના દરેક હિન્દુનું પોતાનું સંગઠન છે તેમ જણાવેલ. આ સંમેલનમાં હિન્દુ સમાજના આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામા હાજર રહ્યા હતા અને કાર્યકમને સફળ બનાવવા તમામ લોકોએ જહેમત ઉઠાવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# બાબરા શહેરનાં વિવિધ વિસ્તારમાં ગણપતિ દાદાનું ધામધૂમથી વિસર્જન કરાયું



બાબરામાં વિવિધ સોસાયટી તેમજ વિસ્તાર અને જાહેર ચોકમાં ગણપતિ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. હવે આગામી ત્રણ દિવસથી ગણપતિ દાદાનું પૂર્ણ ભાવ સાથે ધામધૂમથી વિસર્જન કરવામાં આવી રહ્યું છે. શહેરની નગર સોસાયટી શિવાજી ચોક, સહિત ભગવતી ધામ સોસાયટી સહિતના રહીશો દ્વારા ગણપતિ દાદાનું સ્થાપન કરી પૂજન અર્ચન આરતી વાજતે ગાજતે શહેરના રામપરા ડેમ તેમજ મેલડીમાં તળાવ ખાતે વિસર્જન કરવામાં આવ્યું હતું અગલે સાલ જલ્દી આનાં બાપાની મંગળ કામના સાથે ગણપતિ બાપા મોરિયા મંગળ મૂર્તિ મોર્યાના જય ઘોસ સાથે રહીશો દ્વારા ગણપતિ બાપાનું જળમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. શહેરના તમામ જળાશયો તેમજ નાના મોટા ચેકડેમ તેમજ તળાવમાં ગણપતિ દાદાનું વિસર્જન કરવામાં આવી રહ્યું છે બાબરા પોલીસ દ્વારા તકેદારીના ભાગરૂપે દરેક પોઈન્ટ પર હોમગાર્ડ જવાન અને પોલીસ સ્ટાફ બંદોબસ્તમાં મુકવામાં આવ્યો હતો.

### તાલુકા અને જિલ્લા કચેરીઓમાં મળતી સરકારી સેવાઓ ઘર આંગણે મળી

## જિલ્લા કલેક્ટર અજય દહિયાએ લાઠી તાલુકાના ઝરખીયા ગામે સેવા સેતુ કાર્યક્રમની મુલાકાત કરી જરૂરી માર્ગદર્શન આપ્યું

**વિવિધ પ્રકારની ૫૫ સેવાઓનો લાભ એક છત નીચે, નાગરિકોની આરોગ્ય તપાસણી**



અમરેલી તા. ૧૭

રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને સેવાઓનો લાભ નાગરિકોને સતત મળે, વહીવટી પારદર્શિતામાં ઉમેરો થાય અને નાગરિકોને તેમના વસવાટ રહેઠાણ નજીકના વિસ્તારમાં સેવાઓનો લાભ પ્રાપ્ત થાય તેવા ઉદેશ્ય સાથે રાજય સરકાર દ્વારા સેવા સેતુના ૧૦માં તબક્કાની શરૂઆત કરવામાં આવી છે. આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ઝરખીયા ગામ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં લાભાર્થીઓને રાજય સરકારની વિવિધ પ્રકારની ૫૫ સેવાઓ એક છત નીચે આપવામાં આવી હતી. આ કાર્યક્રમની મુલાકાતે આવેલા જિલ્લા કલેકટર અજય દહિયાએ કાર્યક્રમના સ્થળે વિવિધ કામગીરીનું નિરીક્ષણ કરી અને સ્થળ પર ઉપસ્થિત કર્મયોગીઓને જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ. કાર્યક્રમમાં જિલ્લા કલેકટરએ વિવિધ વિભાગોની સેવાઓની કામગીરીનું નિરીક્ષણ કરી અને જરૂરી વિગતો મેળવી હતી. કાર્યક્રમ દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્યની તપાસણી કરી અને લાભાર્થીઓને જરૂરી દવાઓ આપવામાં આવી હતી. આ કાર્યક્રમાં ઝરખીયા ગામના રહેવાસી જયંતિભાઈ આસોદરિયાએ આધાર કાર્ડ લિંક કરાવવાની કામગીરીની સેવાઓ મેળવી હતી. તેમણે કહ્યુ કે, આજે અમારા ગામમાં યોજાયેલા કાર્યક્રમ દ્વારા મારા આધાર કાર્ડ લિંક કરવાની કામગીરી સંપન્ન થઈ છે. તાલુકા અને જિલ્લા કક્ષાએ મળતી સેવા ઘર આંગણે મળી છે. આ કાર્યક્રમ દ્વારા ૧૭ ગામના લાભાર્થીઓ લાભાન્વિત થયા છે, રાજય સરકારનો ખૂબ ખૂબ આભાર. સેવા સેતુ કાર્યક્રમમાં આપવામાં આવતી સેવાઓ પૈકીની વિવિધ દસ્તાવેજોમાં નામ ઉમેરવાની અને સુધારા કરવાની સેવાઓ પૈકીની રેશનકાર્ડની સેવાનો લાભ માલવીયા પીપળીયા ગામના રહેવાસી પ્રભાબેન ગમારાને મળ્યો. તેમણે જણાવ્યું કે, મારા પુત્રનું નામ રેશન કાર્ડમાં ઉમેરવાનું હતું, આજે ઝરખીયા ગામે આ કામ થયું છે. લાઠી કે અમરેલી સુધી જવું ન પડયું. કાર્યક્રમમાં લાઠી પ્રાંત અધિકારી, લાઠી તાલુકા મામલતદાર, વિવિધ કચેરીઓના કર્મયોગીઓ, શિક્ષકો અને લાભ મેળવનારા વિવિધ ગામના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દામનગર : શ્રી લટુરીયા હનુમાન મંદિરે આજે સંતવાણી યોજાશે

દામનગર, તા. ૧૭

દામનગરમાં ઢસા રોડ પર આવેલ લટુરીયા હનુમાનજી મંદિરે પુ. સંત ઘનશ્યામગીરીબાપુ (ખડેરી બાપુ) ના સાંનિધ્યમાં દર મહિનાની પુનમ નિમિતે રાખવામાં આવતી સંતવાણી કાર્યક્રમમાં તા. ૧૮/૦૯ ને બુધવારે રાત્રે ભજનિક બાળ કલાકારો ચેતન દવે અને દિવ્ય પટેલ અને તબલા વાદક મહાવીરબાપુ રામાનુજ તેમજ મંજીરા વાદકો કનુભાઈ બુધેલીયા, જગદીશબાપુ ગોસ્વામી અને શૈલેષભાઈ પ્રજાપતિ ના સથવારે સંતવાણી કાર્યક્રમ થનાર હોય ભજન પ્રેમીઓને દર્શન અને સંતવાણીનો લાભ લેવા જણાવવામાં આવેલ છે.

### લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા

## અમરેલીનાં ચકકરગઢ ખાતે રકતદાન કેમ્પ યોજાઈ ગયો

**લાયન્સ સદસ્યો ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૧૭

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા ચકકરગઢ મુકામે રામદેવજી મહારાજના નવરાત્રી પાટોત્સવ પ્રસંગે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન થયેલ વેદ વોલેન્ટરી બ્લડ બેંકની સેવાઓ રહી હતી. સારા પ્રમાણમાં બ્લડ ડોનેશનની બોટલો પ્રાપ્ત થઈ હતી. આ તકે લા. પ્રમુખ રાજેશ વિઠલાણી, દિનેશભાઈ ભુવા, કાંતિલાલ વઘાસિયા, રાજુભાઈ પરિખ, જે.ડી. સાવલીયા, ગોરધભાઈ માદવિયા, પ્રકાશભાઈ સેંજલીયા, નનુભાઈ તળાવીયા, રજનીભાઈ ધોરાજીયા, જતીન કોટડીયા, હર્ષદ વઘાસીયા, રાજુભાઈ ઝાલાવાડીયા, ભીખુભાઈ કાબરીયા, જયસુખભાઈ ઢોલરીયા તથા અન્ય લાયન્સ સદસ્યઓ ઉપસ્થિત રહેલ.

### સ્થાનિક જ્ઞાતિ મંડળના યજમાનપદે

## અમરેલી ખાતે સમસ્ત ચા.મ.કા. મોઢ બ્રાહ્મણ જ્ઞાતી મહામંડળની કારોબારી બેઠક યોજાઈ

**નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી**



અમરેલી, તા. ૧૭

સમસ્ત ચા.મ.કા. મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ મહામંડળ ની કારોબારી ની મીટીંગ અમરેલી જ્ઞાતિ મંડળ ના યજમાન પદે તા. ૧૫–૯–૨૪ ના રોજ યોજાયેલ તેના એજન્ડા મુજબ હાલ ના હોદ્દેદારો ની સમય મર્યાદા પુર્ણ થતા નવા હોદ્દેદારોની વરણી કરવા જણાવેલ મહામંડળ દ્વારા સમગ્ર સૌરાષ્ટ– કચ્છ ને ગુજરાતમા જ્ઞાતિ સંગઠન મજબુત કરવા ચાર ઝોન પાડેલ છે ને તે ઝોન ને મજબુત કરવા તે ઝોનમા ચિંતન શિબીર નુ આયોજન કરેલ છે (૧) રાજકોટ, જામનગર, મોરબી, વાકાનેર આ ઝોન ની સમગ્ કારોબારી સાથે ની ચિંતન શિબીર મા ના ધામ તીથવા ખાતે કરેલ (૨) અમરેલી, ભાવનગર, જુનાગઢ, ગીર સોમનાથ, બોટાદ આ પાંચ જીલ્લા ને ધ્યાનમા રાખી તેમના યજમાન પદે બીજી ચિંતન શિબીર સાસણ ગીર મુકામે કરેલ જેમા પાંચેય જીલ્લા ની સમગ્ર કારોબારી સહીત સૌરાષ્ટ– કચ્છ ને સમગ્ ગુજરાત ના મંડળો ના હોદ્દેદારો હાજર રહા (૩) અમદાવાદ, વડોદરા, સુરત, સુરેન્દ્રનગર આ મંડળો નજીક પડે તેવી જગ્યા એ ચિંતન શિબીર રાખો તો બધા આવી શકે તે માટે નર્મદા કિનારે માલસર મુકામે રાખેલ પરંતુ અનિવાર્ય સંજોગો ને કારણે રદ થયેલ (૪) સમગ્ર કચ્છ જીલ્લામા ભવિષ્યમાં ચિંતન શિબીરનુ આયોજન છે. મહા મંડળ ની સતા નુ વિકેન્દ્રીકરણ કરીદરેક ઝોન નો ત્રણ વર્ષનો સમયગાળો હોદ્દેદારો નો રહે તેવુ સુનિશ્ચિત કરેલ ઝોન ૧ (રાજકોટ– જામનગર– મોરબી– વાકાનેર) તે મહામંડળ ની સતા ના કેન્દ્ર મા ઘણા વર્ષૅ રહા કારણ કે રાજકોટ દરેક મંડળ ને સૌન્ટર મા પડે ને રાજકોટ ના મહા મંડળ ના સભ્યો પણ વધુ માટે તે સતા ના કેન્દ્રમા વધુ રહુ પરંતુ આ ટર્મ પુરી થતા ઝોન –૨ (ભાવનગર– અમરેલી– જુનાગઢ – ગીર ગઢડા– બોટાદ) ને સતા નુ કેન્દ્રીકરણ સોંપવું તેવુ નક્કી કરેલ પરંતુ હાજર દરેક મંડળ ના પ્રતિનિધિ ઓ એ સર્વાનુમતે પ્રમુખ તરીકે પંકજભાઈ દવે (રાજકોટ) ચાલુ રહે તે સુચન કરતા સર્વાનુમતે મંજુર કરવામા આવ્યુ ઉપપ્રમુખ તરીકે કાર્યરત પ્રવિણભાઈ પંડયા ને વિજયભાઈ દવે એ ઉંમર ના કારણે કાર્યક્ષમના હોવાને કારણે નવા લોકો ની નિમણૂક થાય તો સંગઠન વેગવંતુ બને તેવુ સુચન કરતા ઉપ પ્રમુખ તરીકે ભાવનગરના પ્રમુખ ડો. મુંકુદભાઈ જી. પંડયા તેમજ બીજા ઉપ પ્રમુખ તરીકે અમરેલીના પ્રમુખ રાજેશભાઈ પંડયાની નિયુકતિ કરવામા આવી ત્યારબાદ મંત્રી તરીકે ભાવનગર ના પરેશભાઈ પંડયાની નિયુકતિ કરવામા આવી સંગઠન મંત્રી તરીકે રમેશભાઈ પંડયા (અમરેલી) જે અગાઉ હતા તે જ હોદો ફરી આપવામા આવ્યો સહ મંત્રી તરીકે સુરેશભાઈ ત્રિવેદી (મોરબી) ની નિમણૂક કરવામા આવીબાકી જે મંડળ ના પ્રમુખ છે તે કારોબારી સભ્યો છે જ તેમા કોઈ મંડળ ને ફેરફાર કરવો હોય કે કોઈ મંડળ ના હોદેદાર બદલાયા હોય તો તે જાણ કરી કારોબારી સભ્ય બદલી શકે છે ઉપરોક્ત ટીમ સર્વાનુમતે મંજુર કરવામા આવેલ છે, આ વખત ના હોદ્દેદારો મા ઝોન–૨ સતા ના કેન્દ્ર મા રહે તેવી ઈચ્છા મહદ અંશે સફળ રહી છે દર ત્રણ વર્ષે મહામંડળની સતા નુ કેન્દ્ર અલગ અલગ ઝોન સંભાળે જેથી દરેક ઝોન નુ સંગઠન મજબુત થાય ને સમગ્ર સૌરાષ્ટ– કચ્છ– ગુજરાત મા આપડુ સંગઠન મજબુત થાય તેવી અભિલાષા સેવામાં આવી.

# અમરેલી : શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસમાં વનવિભાગ દ્વારા વડાપ્રધાનના ૭૪માં જન્મદિવસની વૃક્ષારોપણ કરી અનોખી રીતે ઉજવણી



અમરેલી તારીખ ૧૭–૯–૨૪, પોતાના નિર્ણાયક નેતૃત્વ અને દૂરદર્શિતાથી ભારતને વિશ્વ પટલ પર વિકાસ અને પ્રગતિનો પર્યાય બનાવનાર દેશના સર્વપ્રિય નેતા યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબના જન્મદિવસે શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ ઓફ એકસેલેન્સના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ અને ફોરેસ્ટના અધિકારીઓ દ્વારા કેમ્પસમાં સેવા, સ્વચ્છતા અને પર્યાવરણ રક્ષણ સાથે વૃક્ષારોપણ કરી જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ફોરેસ્ટ અધિકારી સી.એફ. સેંથીલનકુમારન (કન્ઝરવેટર ઓફ ફોરેસ્ટ રાજકોટ સર્કલ,) એ.સી.એફ. (અમરેલી) શેખસર આર.એફ.ઓ. (અમરેલી) ખાખસ જયોતિબેન તેમજ તમામ વન વિભાગ અધિકારીઓ, તેમજ મંત્રીની ચુતરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરકેટર વસંતભાઈ ગજેરાએ પર્યાવરણ જતન અંગેના સંદેશ સાથે સર્વપ્રિય નેતા યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી.

## ‘‘અમરેલી એક્સપ્રેસ’’નાં અહેવાલની અસર પાલિકા ઉપર થઈ

# અંતે અમરેલીનાં ચિતલ રોડનું બ્યુટિફિકેશન બ્યુટિફુલ બનવા તરફ

**છેલ્લા ૩ વર્ષથી બ્યુટિફિકેશનની બ્યુટિ સફાઈનાં અભાવે ગાયબ થઈ ગઈ હતી**

**રાધિકા હોસ્પિટલથી લઈને અવધ રેસીડેન્સી સુધી એરપોર્ટની દીવાલ સુધી સફાઈ કાર્ય કરવામાં આવ્યું**

**બ્યુટિફિકેશન પાર્કની અંદર બાંકડા, હીંચકા અને બંધ સ્ટ્રીટલાઈટ શરૂ કરવામાં આવે તે જરૂરી**

**જિલ્લાનાં મુખ્ય મથકને ગૌરવવંતુ બનાવવા માટે હજુ પણ પ્રયાસો શરૂ રાખવા પડશે**



અમરેલી, તા. ૧૭

અમરેલીનાં રાજમાર્ગ સમાન ચિતલ રોડ ઉપર પાલિકા ધ્વારા આજથી એકાદ દાયકા પહેલા રાધિકા હોસ્પિટલથી લઈને અવધ રેસીડેન્સી સુધી એરપોર્ટ દીવાલની સમાંતર બનાવવામાં આવેલ બ્યુટિફિકેશન પાર્કમાં છેલ્લા ૩ મહિનાથી સફાઈનાં અભાવથી ગંદકીનો માહોલ ઉભો થયેલ જેનું સફાઈ કાર્ય આજે શરૂ કરવામાં આવતાં શહેરીજનોમાં ખૂશીનો માહોલ ઉભો થયો છે.

અમરેલીનાં ચિતલ રોડ પરનાં બ્યુટિફિકેશન પાર્કને બ્યુટિફુલ બનાવવા માટે ''અમરેલી એકસપ્રેસ''માં અવારનવાર અહેવાલો પ્રસિધ્ધ થયા પાલિકાનાં શાસકોને ચિંટીઓ ભરવામાં આવતાં અંતે સફાઈ કાર્ય શરૂ થયું છે અને આગામી દિવસમાં પાર્કની બંધ લાઈટ શરૂ કરવા અને બાંકડા, હીંચકા અને વૃક્ષારોપણ કરવા માટે પણ પાલિકાનાં શાસકોને જાગૃત કરવામાં આવશે.

શહેરનાં રાજમાર્ગ ઉપર આવેલ બ્યુટિફિકેશનની નિયમિત સફાઈ કરવામાં આવે અને યોગ્ય રીતે જાળવણી કરવામાં આવે તો બાળકો, મહિલાઓ અને વૃધ્ધો પણ પાર્કનો નવરાશનાં સમયમાં લાભ મેળવી શકે તેમ છે.

અમરેલી શહેર એ જિલ્લાનું મુખ્ય મથક હોવાથી જિલ્લાભરમાંથી જનતા જનાર્દન પધારતી હોય છે. ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓની પણ અવરજવર રહેતી હોવાથી શહેરની ખુબસુરતી વધે તે માટે પાલિકાનાં શાસકોએ હંમેશા સક્રીયતા દાખવવી જરૂરી બની છે.


અગિયારમી પૂણ્યતિથીએ
શ્રધ્ધાંજલી



સ્વ. નાથાલાલ વિઠ્ઠલદાસ રવિયા
સ્વ.તા. ૧૮-૦૯-૨૦૧૩, બુધવાર (ઉ.વ.૬૫) ખડકાવાળા

ચંદન સમુ જીવન જીવીને સુખ સૌને આપી ગયા,
આપના ઉત્તમ સંસ્કારો અને વિચારો પરિવારને આપી ગયા,
જીવનભર પરિશ્રમ કરી રવિયા પરિવારને
સુખ અને સમૃધ્ધ બનાવી ગયા,
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી.
હિતેશ નાથાલાલ રવિયા  હિરેન નાથાલાલ રવિયા
રવિયા પરિવાર
સીટીવોચ ન્યુઝ એન્ડ મીડીયા પ્રા.લી.
ભાવનગર - અમરેલી





ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પૂરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨



જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર....................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
‘‘અમરેલી એકસપ્રેસ’’ દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
65,850/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૭/૦૯/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



Sheetal ICE CREAM
Cassata Delight with
Creamy & Colourful Layers!




73000 51000



NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
હવે આપણી ગોળ હોસ્પિટલમાં નિયમિત મળશે .......
- ડાયાબિટીસ - કિડની - લીવર ની તકલીફ
- હ્રદયરોગ - બીપી
- શ્વાસ ચડવો
- પેરાલીસીસ અને આંચકીની તકલીફ વગેરે તકલીફ ની સારવાર માટે મળો

કેશલેસ મેડિક્લેમ સુવિધા ઉપલબ્ધ



ડૉ. હિરલ કુચા
એમ.ડી (કન્સલટન્ટ ફિઝિશિયન અને કાર્ડિયો ડાયાબિટોલોજિસ્ટ)
24X7 ઈમરજન્સી અને એમ્બ્યુલન્સ સુવિધા ઉપલબ્ધ
અપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો ૯૯૭૮૯૬૬૬૨૯
સમય : સવારે ૯ થી ૨ અને સાંજે ૫ થી ૮
એન. સી. ટી. કેમ્પસ, ગોળ હોસ્પિટલ, ચિત્તલ રોડ, અમરેલી


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)